સુવિચાર
સ્વચ્છ શુધ્ધ અને પવિત્ર રહોને વ્યવહારમાં પણ તેવા જ રહો. તમારું દૈનિક જીવન જ તમારું મંદિર અને તમારો ધર્મ છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૦૧/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
દર રવિવારે
શુધ્ધ શિંગતેલમાં બનાવેલુ
રજવાડી ઊંધિયું મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ,
દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૧ પોષ સુદ-૫ વર્ષ : ૧૬ અંક : ૦૨૦

## સત્તાપક્ષની આંતરિક જુથબંધીનો એક નિર્દોષ યુવતી શિકાર બની

# સત્યમેવ જયતે : ભાજપનાં ચક્રવ્યુહમાં ફસાયેલ પાયલ જામીન પર મુકત

રૂપિયા ૧૫ હજારનાં બોન્ડ ઉપર એડવોકેટ સંદિપ પંડયા અને ફારૂક મુસાણીની સફળ દલીલોનાં આધારે જામીન મળી ગયા

નિર્દોષ યુવતીને જામીન પર મુકત કરાતાં પરિવારજનોમાં ખૂશીનો માહોલ

પાયલ નામની યુવતી સત્તાપક્ષનાં આગેવાનો અને પોલીસની કાર્યશૈલીને લીધે પરેશાન થઈ

સમગ્ર રાજયમાં પાયલને અપમાનિત કરાયાની ઘટનાએ ચકચાર જગાવી દીધી



અમરેલી, તા. ૩

અમરેલી સહિત રાજયભરમાં બહુચર્ચિત બનાવટી લેટરકાંડનાં ૪ આરોપીઓ પૈકી એક પાયલ ગોટી નામની યુવતીનાં જામીન સેશન્સ કોર્ટમાં મંજૂર કરવામાં આવ્યા અને જયારે યુવતી જેલનાં સળીયાની બહાર આવી ત્યારે લાગણીસભર દ્રશ્યો જોવા મળ્યા હતા. ૧૫ હજારનાં બોન્ડ ઉપર પાયલને જામીન મુકત કરવામાં આવી હતી. પાયલ તરફે એડવોકેટ સંદિપ પંડયા અને ફારૂક મુસાણીની સફળ દલીલો રહી હતી.

અમરેલીમાં ભાજપમાં ચાલતી આંતરિક જુથબંધીમાં પાટીદાર સમાજની નિર્દોષ યુવતી શિકાર બની હતી. તેણીની મોડી રાત્રિએ અટકાયત કરવામાં આવી, તેનો ચહેરો જાહેર કરવામાં આવ્યો અને રી–કન્સ્ટ્રકશનનાં નામે યુવતીને જાહેર માર્ગ પર ચલાવવામાં આવી અને કાયદાનો ઉલાળીયો થયો અને તેના ઘેરા પ્રત્યાઘાતો સમગ્ર રાજયમાં પડયા અને સત્તાપક્ષ અને સરકાર

અનુસંધાન પાના ૬ ઉપર

## નિર્દોષ પાયલને ૧૫ હજારનાં બોન્ડ પર જામીન મળી ગયા હોય

# અમરેલીમાં બહારથી વચેટિયા બનીને આવેલ સમાજનાં કહેવાતા આગેવાનોને ઓળખી લેવાની જરૂર

### જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતે સતાપક્ષનાં આગેવાનો અને વચેટિયાઓને આડે હાથ લીધા

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લા કોંગી પ્રમુખ અને પુર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે પાટીદાર યુવતિ ૧૫ હજારના બોન્ડ ઉપર જામીન પર મુકત થયા બાદ સતાપક્ષનાં આગેવાનો અને બહારથી આવીને ખાનગી જગ્યાએ વચેટિયા બનીને દલાલી કરનાર કહેવાતાં આગેવાનો પર શાબ્દિક પ્રહારો કર્યા છે.



તેઓએ જણાવેલ કે ગઈકાલે ખાનગી સ્થળે જનપ્રતિનિધિઓ સાથે વચેટિયા બનીને આવેલ વ્યકિતઓએ પાયલને છોડાવવા માટે સી–સમરી ભરવાની ફરિયાદીને સમજાવવાની કોશીષ કરી અને તે અંગે કોઈ હકારાત્મક નિર્ણય ચીફ કોર્ટ દ્વારા થાય તે પહેલા જ આજે કોંગ્રસ તરફથી રોકાયલ એડવોકેટ સંદીપ પંડયાની દલીલોને આધારે ડીસ્ટ્રીકટ કોર્ટમાં આજે પાયલન જામીન ૨૫૨ મુકત કરવામાં આવી અને વચેટિયાઓ અને ચુંટાયેલ જનપ્રતિનિધિઓ સમગ્ર સમાજ વચ્ચે ખુલ્લા પડી ગા હોવાનુ જણાવ્યું.

અંતમાં તેઓએ આ લડાઈમાં કોંગી નેતા પરેશ ધાનાણી સહિતનાં આગેવાનો અને રાજયનાં તમામ મીડિયા પ્રતિનિધિઓનો પણ આભાર માનેલ હતો.

## એ.વી. રાણપરીયા નામનાં જાગૃત નાગરિક દ્વારા

# અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયાને તમામ હોદ્દા પરથી સસ્પેન્ડ કરવા માંગ

### રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૩

અમરેલીનાં બહુ ચર્ચિત લેટરકાંડને લઈને પાટીદાર યુવતિનુ સરઘસ કાઢવાની ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો સમગ્ર રાજયમાં પડયા છે અને ઠેર–ઠર વિરોધ પ્રદર્શન વચ્ચે ઈંગોરાળા ગામનાં જાગૃત નાગરિક એ.વી. રાણપરીયાએ અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયાને તમામ હોદા પરથી સસ્પન્ડ કરવાની માંગ કરતો પત્ર



મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટલને પાઠવલ છે.

પત્રમાં જણાવેલ છે કે, સરકાર અને ભાજપે તમામ સમસ્ત જ્ઞાતિઓનો વિશ્વાસ ટકાવી રાખવા માટે ધારાસભ્ય પાસેથી મહત્વની તમામ જવાબદારીમાંથી મુકત કરી દો જો આમ કરવામાં નહી આવે તો ૧૫ જાન્યુ. નાં રોજ ઉપવાસ આંદોલન કરવાની પણ ચીમકી અંતમાં આપવામાં આવેલ છે.




હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર તેમજ ૧૨ પાસ
પગાર ધોરણ :
૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
નર્સિંગ સ્ટાફ (લેડીઝ)
(નાઈટ માટે) પગાર ધોરણ :
૯,૫૦૦/- થી ૧૨,૦૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



આમ આદમીનું અખબાર

વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૫

અમરેલી એક્સપ્રેસ

સચોટ - સટીક - સાતત્ય સભર દૈનિક

લાવી રહ્યું છે આપના માટે લવાજમ યોજના

લવાજમ ભરવા માટે અમારા સ્થાનિક એજન્ટનો સંપર્ક કરો

કોટડાપીઠા : ભરતભાઈ મહેતા - ૯૪૨૯૧ ૩૯૮૫૬
બાબરા : રાજુભાઈ બસીયા - ૯૯૨૫૪ ૬૬૪૪૪
પંકજભાઈ ઈન્દ્રોડીયા - ૯૪૦૮૧ ૫૮૯૦૧
ચિતલ : જસવંતગઢ
ભરતભાઈ અમરેલીયા - ૭૯૮૪૭ ૩૫૩૧૫
દામનગર : નટુભાઈ ભાતીયા - ૯૪૨૯૧ ૩૯૪૨૨
લીલીયા મોટા : બીપીનભાઈ સ્વાણી - ૯૪૨૭૪ ૨૭૨૧૭
સાવરકુંડલા :
વીજપડી : પ્રફુલભાઈ નગદીયા - ૯૯૦૪૮ ૦૨૪૦૭
આંબરડી (સા.કું.) : સુભાષભાઈ સોલંકી - ૮૫૧૧૪ ૬૦૪૦૦
રાજુલા : યોગેશભાઈ કાનાબાર - ૯૦૬૭૫ ૭૪૭૩૭
જાફરાબાદ : ભરતભાઈ બારૈયા - ૮૧૫૩૦ ૯૨૬૧૬
કોવાયા : સુમરાભાઈ વાઘ - ૯૯૯૮૭ ૨૩૯૯૯
ઉના : ધર્મેશ જેઠવા - ૯૭૧૨૦૧૦૦૫૮
કુંકાવાવ : રાજુભાઈ યાદવ - ૯૯૭૮૧ ૩૪૪૩૪
મોટા આંકડીયા : મનોજભાઈ ત્રિવેદી - ૯૯૭૯૨ ૧૦૭૨૭
બગસરા : સમીર વિરાણી - ૯૯૭૮૧ ૩૩૧૩૪
બાબાપુર : હસમુખભાઈ રાવળ - ૯૯૭૮૫ ૧૫૨૧૪
ધારી : અરવિંદભાઈ દવે - ૯૯૦૪૫ ૨૪૨૬૬
ચલાલા : પ્રકાશભાઈ કારીયા - ૯૯૨૫૩ ૩૦૯૭૯
ખાંભા : ભાવિકભાઈ કલસરીયા - ૯૫૮૬૮ ૩૮૪૦૯

લવાજમની મુદ્દત
તા.૦૧–૦૧–૨૦૨૫ થી
તા.૩૧–૧૨–૨૦૨૫

લવાજમ ભરો
₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ
અમરેલી એક્સપ્રેસ...

એજન્ટો તથા ગ્રાહકોએ લવાજમ યોજનાની રકમ ભરપાઈ કરીને પાકી પહોંચ મેળવવાની રહેશે.

amreli express

અમરેલી શહેરમાં લવાજમ ભરવા માટે
ઓમ ન્યુઝ એજન્સી
સુધરાઈ શોપીંગ સેન્ટર, ક્રિષ્ના ટ્રાવેલ્સની ગલીમાં, ડો. જીવરાજ મહેતા ચોક, અમરેલી.
સુમીત ચંદારાણા – મો. નં. ૮૭૩૫૦ ૧૨૭૨૭

www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

### તુ ગામમાં તલવાર લઈને કેમ નીકળે છે તેમ કહીને

# કુંકાવાવ–વડિયાનાં ઈશ્વરીયા ગામનાં ખેડૂત ઉપર થયો હુમલો

**૪ ઈસમો સામે ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૩, કુંકાવાવ–વડિયા તાલુકાના ઈરીયા ગામે રહેતા હસમુખભાઈ મધુભાઈ ગજેરા નામના ૪૩ વર્ષિય ખેડુત તા. ૧ના રોજ રાત્રે ૯:૩૦ વાગ્યાના સમયે તેના ગામે ઈરીયા ખાતે પાનના ગલ્લે બેઠા હોય. તે વખતે તેજ ગામે રહેતા સામાવાળા ભરતભાઈ દામજીભાઈ ગજેરા, રામભાઈ લાધાભાઈ ગજેરા, અશોકભાઈ લાધાભાઈ ગજેરા તથા વિજયભાઈ બાબુભાઈ ગજેરા ખેડૂત પાસે આવી ખેડૂતનો કાઠલો પકડી કહેલ કે તું ગામમાં કેમ તલવાર લઈને નીકળે છે? તેમ કહી ખેડૂતને જેમ ફાવે તેમ ઢીકાપાટું વડે મુંઢ માર મારી જેમ ફાવે તેમ ગાળો આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### લોહી પાણી એક કરીને તૈયાર થયેલ ચણાનું વળતર મળવું શરૂ

# સાવરકુંડલાનાં માર્કેટયાર્ડમાં નવા ચણાની આવક : મુર્હુતમાં પ્રતિ મણનો ભાવ ૧૭૦૧

**ખેડૂતો અને વેપારીઓને મોં મીઠું કરવાતા દીપક માલાણી**

અમરેલી, તા. ૩

સાવરકુંડલા માર્કેટયાર્ડમાં સિઝનના નવા ચણાની આવક હાડીડા ગામના ખેડુત ભીમજીભાઈ કલ્યાણભાઈ ઘોડાદરાએ રામાણી ટ્રેડીંગના કમીશનમાં વેચવા માટે આવેલ હતા. સિઝનના નવા ચણાની આવકના ગણેશ થયેલ હોય, જેનું ચેરમેન દિપકભાઈ માલાણીના વરદ હસ્તે વિધીસર પુજન કરી શ્રીફળ વધેરીને ખેડુતો તથા વેપારીઓનું મો મીઠુ કરાવીને હરરાજીની શુભ શરૂઆત કરવામાં આવી હતી. અને ચણા ખરીદનાર વેપારીઓ તેમજ યાર્ડના સેક્રેટરી જે.વી. માલાણી તેમજ સ્ટાફગણ અને ડીરેકટરઓની ઉપસ્થિતીમાં ચણા ખરીદનાર વેપારીઓમાં મુહુર્તના ચણા ખરીદવા માટે બોલીઓ બોલવામાં આવતા વેપારી રૂદ્ર એન્ટરપ્રાઈઝ દ્વારા





રૂા.૧૭૦૧ ની ઉચી બોલી બોલીને ચણાની ખરીદ કરેલ. જેથી મુહુર્તના સારા ભાવ બોલાતા ખેડુતોમાં પણ ખુશીનો માહોલ છવાયો હતો.

### સમાજના અગ્રણી નીતિન રાઠોડની અધ્યક્ષતામાં

# બાબરાનાં વાવડા ગામે સમસ્ત કોળી સમાજની વિશાળ બેઠક યોજાઈ

**સમાજ સંગઠિત અને શિક્ષિત બને તે માટે અનુરોધ થયો**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩

બાબરા તાલુકાના વાવડા ગામે રાત્રીના સમયે સમસ્ત કોળી સમાજની એક બેઠક યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં કોળી સમાજના તાલુકા અગ્રણીઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા જિલ્લા પંચાયત સભ્ય અને કોળી સમાજના અગ્રણી નીતિનભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને આયોજિત આ બેઠકમા સમાજને સંગઠિત થવું વ્યસન મુક્તિ થવું કુરિવાજોથી પર રહેવું રાજકી અને સામાજિકમાં સક્રિય બનવું અને સમાજના બાળકો વિશેષ કરીને દીકરી શિક્ષણની વંચિત ના રહે તે દિશામાં સમાજ ને કામ કરવા અનુરોધ કર્યો હતો નીતિનભાઈ રાઠોડ દ્વારા આવા અનેક મુદ્દાઓ ની ચર્ચાઓ આગેવાનો સાથે અને સમાજના લોકો વચ્ચે કરી હતી.

આ બેઠકમાં તાલુકામાંથી ગોવિંદભાઈ બાવળીયા, રમેશ ભાઈ ચાવડા, વિપુલભાઈ કાચેલા, કાળુભાઈ ડાંગર, જસાભાઈ મકવાણા, માવજીભાઈ ડાભી, વિપુલભાઈ મોરી, નટુભાઈ જાસલિયા, ભુપતભાઈ મકવાણા, વિજયભાઈ ઝાપડિયા, નટુભાઈ ઝાપડિયા, અમરસિંહ વાઘેલા, હરિભાઈ ઝાપડિયા, અરવિંદભાઈ રાઠોડ, ધીરૂભાઈ વહાણી, વજુભાઈ રાઠોડ, ભરતભાઈ જીંજરીયા, કાંતિભાઈ પરનાલિયા, મનુભાઈ મકવાણા વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા હતા

# બાબરાનાં ૨ ઈસમોએ જાહેરનામાનો ભંગ કર્યો

**સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૩

બાબરા તાલુકાના ધરાઈ ગામે રહેતા હાર્દિકભાઈ જનકભાઈ પરમાર તથા બાબરા ગામે નાના બસ સ્ટેન્ડ પાસે રહેતા તુષારભાઈ રસીકભાઈ કાલરીયા નામના બન્ને આરોપીઓએ પોતાના કબ્જામાંથી પ્રતિબંધીત ચાઈનીઝ બનાવટની ચાઈનીઝ દોરી અલગ અલગ ફીરકી નંગ–૪ કિંમત રૂપિયા ૧૪૦૦નું વેચાણ કરવા સારૂ પોતાના કબ્જામાં રાખી મળી આવેલ હોય. જેથી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ અમરેલીના જાહેરનામા ક્રમાક નાચિ/પલસ/વશી/૮૭૪૮–૮૭૭૮/૨૦૨૪ તા. ૧૬/૧૨/૨૦૨૪નો ભંગ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા જે.જે. વાળાને પી.એસ.આઈ. તરીકે પ્રમોશન મળ્યુ



રાજુલા, તા. ૩

ગુજરાત રાજય ભરમા પોલીસમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજવતા અનેક પોલીસ કર્મચારીઓને પ્રોમોશન મળ્યા છે જેમાં અમરેલી જિલ્લામાં રાજુલા એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા જે.જે.વાળા હવે ગુજરાત રાજય પોલીસમા પી.એસ.આઈ. તરીકે જે.જે.વાળાને પ્રોમોશન મળ્યુ ગાંધીનગર પોલીસ વડા વિકાસ સહાય દ્વારા અલગ અલગ પ્રોમોશન સાથે બદલીઓ કરી ઓડર કરવામાં આવ્યા છે. પી.એસ.આઈ. જે.જે.વાળાનું પ્રથમ પી.એસ.આઈ. તરીકે રાજકોટ ગ્રામ્યમાં ઓડર કરવામા આવ્યો છે. ત્યારે રાજકોટ જિલ્લામ હવે પોસ્ટીંગ થશે.

જે.જે.વાળાએ ભૂતકાળમાં અનેક ગંભીર ગુન્હાઓ ડિટેઈક કરી ચૂકયા છે.

પી.એસ.આઈ.જે.જે. વાળા તેમના પોલીસ કર્મચારી અને એ.એસ.આઈ. તરીકે કામગીરી દરમ્યાન ગંભીર ગુન્હાઓના ભેદ ઉકેલી ચુકયા છે ચોરી, મારા મારી લૂંટ હત્યા, પ્રોહીબિશન સહિત જેવા ગુન્હેગારોના ભેદ ઉકેલી ચુકયા છે.

પીએસઆઈ તરીકે પ્રોમોશન મળતા અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત એ સન્માનિત કરી શુભેચ્છાઓ આપી.

# અમરેલી જિલ્લા માર્ગ અને મકાન (પંચાયત) અંતર્ગતના રસ્તાને લગતી વિલંબિત કામગીરી ફરી શરૂ થશે

અમરેલી, તા.૩

અમરેલી જિલ્લા માર્ગ અને મકાન (પંચાયત) દ્વારા વર્ષઃ ૨૦૨૨/૨૦૨૩માં મંજૂર કરવામાં આવેલા રિસર્ફેસના કામો પૈકી સાવરકુંડલા તાલુકાનાં ધાર, પિયાવા રોડના ડામર કામ ઈન્ફ્રા, અમદાવાદને આપવામાં આવ્યું હતું. ઈજારાદાર દ્વારા સી.સી. કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું પરંતુ ડામરકામ શરૂ ન કરવાના લીધે ઈજારાદારના કરારખતનો અંત લાવવામાં આવ્યો હતો.

ઈજારદાર દ્વારા અમરેલી જિલ્લા માર્ગ અને મકાન (પંચાયત)ને બાહેંધરી સ્વરૂપે આ કામગીરીમાં વિલંબ થવાના કારણ જણાવવામાં આવ્યા હતા. આ કામગીરીના વિલંબના કારણોમાંથી મુખ્યત્વે કરારખતના સમયગાળા દરમિયાનના મેડિકલ તેમજ અતિભારે વરસાદના લીધે તેમના આયોજનમાં વિક્ષેપ થયો હોવાનું જણાવવામાં આવ્યું છે.

ઈજારેદાર દ્વારા આગામી તા.૨૫ મે, ૨૦૨૫ સુધીમાં સદર રોડ તેમજ વિલંબથી ચાલતા અન્ય રોડની કામગીરી શરૂ કરી તાત્કાલિક અસરથી પૂર્ણ કરવાની ખાતરી આપવામાં આવી છે. હાલની સ્થિતિએ સ્થળ પર મશીનરી શિફ્ટ કરવામાં આવી છે, આ બાબતોને ધ્યાને લઈ અમરેલી જિલ્લા માર્ગ અને મકાન (પંચાયત) કચેરી દ્વારા પુનઃવિચારણા કરી મંજૂરી આપવામાં આવી છે, તેમ અમરેલી જિલ્લા માર્ગ અને મકાન (પંચાયત)ના કાર્યપાલક ઈજનેરએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### ઘરકામ બાબતે બોલાચાલી થતાં

# સાવરકુંડલાનાં ખડકાળા ગામની તરૂણીએ બાથરૂમમાં ગળાફાંસો ખાઈ લીધો

**બહેન સાથે માથાકૂટ થઈ ને અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૩

સાવરકુંડલા તાલુકાના ખડકાળા ગામે રહેતી આશાબેન ભરતભાઈ ચુડાસમા નામની ૧૭ વર્ષિય તરૂણીને તા. ૨ ના રોજ બપોરે ૧ વાગ્યે પોતાની બહેન સાથે ઘરકામ બાબતે બોલાચાલી થતાં તેણીએ બાથરૂમમાં ગળફાંસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### પતંગ ચગાવતી વખતે બની ઘટના

# રાજુલામાં મનમંદિર સોસાયટી સામે રહેતાં યુવકનું અગાશી પરથી પડી જવાથી મોત

**ઈજા થવાથી અથવા અન્ય કારણસર મોત નિપજયું**

અમરેલી, તા. ૩, રાજુલા રામતીર્થ એપાર્ટમેન્ટ છતડીયા રોડ મનમંદિર સોસાયટીની સામે રહેતા અને મુળ બિહારના વતની રંજન સંજયભાઈ માંજી નામના ૨૨ વર્ષિય યુવક તા. ૨ ના રોજ સાંજના આશરે સાડા પાંચેક વાગ્યાની આસપાસ રાજુલા ગામે રામતીર્થ એપાર્ટમેન્ટમાં આવેલ અગાશી ઉપર પતંગ ચગાવતી વખતે અગાશી ઉપરથી નીચે પડી જતા શરીરે ઈજા થવાના કારણે અથવા અન્ય કોઈ કારણોસર મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ૮૦ હજારનાં ૧.૯૭ લાખ ચુકવ્યા છતાં

# વડિયાનાં જીથુડી ગામનાં ખેડૂત પાસેથી ૧ લાખની ઉઘરાણી કરી મારી નાખવાની ધમકી

**વ્યાજે રૂપિયા આપનાર વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૩

વડિયા તાલુકાના જીથુડી ગામે પ્લોટ વિસ્તારમાં રહેતા પ્રકાશભાઈ ઘુસાભાઈ વઘાસીયા નામના ૫૦ વર્ષિય ખેડુતની દિકરીની ડીલીવરી સબબ આર્થિક રૂપિયાની જરૂરીયાત પડતા વડિયા તાલુકાના દેવગામ ગામે રહેતા રણજીતભાઈ ભુપતભાઈ વાળા નામના આરોપીએ ખેડૂતને રૂપિયા ૮૦,૦૦૦ રોકડ રકમ માસીક ૧૧ ટકા લેખે ઉંચા વ્યાજે આપી બાદમાં ખેડૂતે આરોપીને નિયમીત માસીક રૂપિયા ૯૦૦૦ નું ઉંચા વ્યાજે કુલ–૧૩ માસ સુધી કુલ રૂપિયા ૧,૧૭,૦૦૦ રોકડ તથા ગુગલ પેથી ચુકવી અને મુળ રકમ રૂપિયા ૮૦,૦૦૦ ની ચુકવણી કરી એ રીતે ગત તા. ૨/૯/૨૩ના રોજથી આજદિન સુધી દરમિયાન આરોપીને કુલ રૂપિયા ૧,૯૭,૦૦૦ રોકડ તથા ગુગલ પેથી ખેડૂતે ચુકવણી કરેલ હોય. આમ છતાં આરોપી વધુ રૂપિયા ૧,૦૦,૦૦૦ રકમની અવાર–નવાર ઉઘરાણી કરતા ખેડૂતે એક લાખ આપવની ના પાડતા આરોપીએ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### સભાસદનાં વારસદારોને

# અમરેલી નાગરિક સહકારી બેન્ક દ્વારા અકસ્માત મૃત્યુ સહાય પેટે ૧ લાખ ચુકવાયા

**બેન્કે સભાસદ પ્રત્યેની કુટુંબ ભાવના વ્યકત કરી**

અમરેલી, તા. ૩

અમરેલી નાગરિક સહકારી બેંક લી.ના સભાસદ અકસ્માત વિમા સહાય યોજનામાં મૃત્યુ પામેલ સભાસદોના વારસદારોને બેંક તરફથી રૂા. ૧ લાખની સહાય આપવાની યોજના અન્વયે સ્વ. રાજેશભાઈ બાલુભાઈ જાદવના વારસદાર મયુરભાઈ રાજેશભાઈ જાદવને ચેક આપવામાં આવેલ છે.



ઉપરોકત સભાસદના વારસદારને રૂા. ૧ લાખના ચેકનું અર્પણ બેંકના ચેરમેન જયેશભાઈ એમ. નાકરાણી, વાઈસ ચેરમેન ભાવિનભાઈ જે. સોજીત્રા, મેનેજીંગ ડિરેકટર શૈલેષભાઈ બી. સંઘાણી તથા બેંકના ડિરેકટર પી.પી. સોજીત્રા દ્વારા કરવામાં આવેલ છે. અમરેલી નાગરિક સહકારી બેંકે સભાસદ પ્રત્યેની કુટુંબ ભાવના વ્યકત કરીને સભાસદો પ્રત્યેનું ઋણ અદા કરેલ છે એમ બેંકના મેનેજર દિલીપભાઈ ધોરાજીયાની સંયુકત યાદીમાં જણાવેલ છે.

## ભાજપનાં રાજમાં ભ્રષ્ટાચાર સોળે કળાએ નહી ૧૬૦૦ કળાએ ખિલ્યો

# લ્યો બોલો : સુંદર માર્ગને તોડીને નવા બનાવવાનું કૌભાંડ

**બિસ્માર માર્ગ વધુ બિસ્માર બને અને સારા માર્ગો વધુ સારા બની રહ્યા છે**

**પાલિકામાં ચાલતી અગણિત બેદરકારી સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી**

**શહેરીજનો પેટે પાટા બાંધીને સરકારી કરવેરા ભરે અને ભ્રષ્ટાચારીઓ તે રકમ કરે ઘર ભેગી**

**ચેમ્બર અને સ્થાનિક જનતાએ પાલિકાની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરી**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૩

બગસરા પાલિકાનો રોજ બરોજ નવો વિવાદ આવતા લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. હજુ ત્રણ દિવસ પહેલા જ પાલિકા દ્વારા વેરા વધારવામાં આવેલ તેના વિરોધમાં સમસ્ત ગામ સજજડ બંધ પાળી વિરોધ કરવામાં આવ્યો હતો. જયારે આજે ફરી પાલિકાનો નવો વિવાદ ઉભો થયો. સારા રસ્તા તોડી નવા બનાવવા માટે પાલિકાએ બીડું ઝડપ્યું હોઈ તેમ શહેરના અનેક સારા રસ્તા તોડી નાખવામાં આવ્યા હતા અને નવા રસ્તા બનાવવા કોન્ટ્રાકટર અને સત્તાધિશો દ્વારા મિલીભગતથી લાખો રુપિયાની ગ્રાન્ટના નામે આવેલ રુપિયા પોતાના ઘર ભેગા કરવામાં આવતા હોઈ તેવું લાગી રહેલ છે. જયારે શહેરના અનેક રસ્તા હાલમાં બિસ્માર હાલતમાં થઈ ગયા છે તેને તોડી નવા બનાવવામાં નથી આવતા અને જે રસ્તા સારા હોઈ તેને તોડી નવા બનાવવામાં આવી રહ્યા છે.

ત્યારે આજે શહેરની પોસ્ટ ઓફીસ પાસેનો રસ્તો તોડી નાખવામાં આવતા આ વિસ્તરના રહીશો રોષે ભરાયા હતા અને તોડવાની કામગીરીને અટકાવવામાં આવી હતી. જયારે વિવેકાનંદ સોસાયટીમાં પણ સારા રસ્તા તોડી નાખવામાં આવતા ચેમ્બર ઓફ કોમર્સ મેદાને આવી સારા રસ્તા તોડી નાખવાની કામગીરીને અટકાવવામાં આવી હતી. જયારે શહેરનો ટ્રાવેલ્સ રોડ તેમજ શાકમાર્કેટ પાસેનો રોડ એક વર્ષથી બિસ્માર હાલતમાં થઈ ગયો છે પરંતુ આ રોડ પાલિકાના સત્તાધીશોને દેખાતો જ નથી. લોકોની અનેક વખતની રજુઆત છતાં આ રસ્તા નવા બનાવવમાં આવતા નથી અને જે રસ્તા સારા છે તેને તોડી નવા બનાવવમાં આવે છે. જયારે એક તરફ પલિકા દ્વારા એવુ કહેવામાં આવે છે કે પાલિકા ફડચામાં ચાલી રહેલ છે. ત્યારે સારા રોડ તોડી નવા બનાવવામાં શું પાલિકા પાસે રુપિયા છે?

કર્મચારીઓના પાચ મહિનાથી પગાર ચૂકવાવમાં આવેલ નથી અને પેન્શન ધારકોના પણ ચાર મહિનાથી પેન્શન ચૂકવવામાં આવેલ નથી કે પછી સફાઈ કામદારોને પણ ત્રણ મહિનાથી પગાર વિહોણા રાખવામાં આવેલ છે. તો પાલિકા પાસે ગ્રાન્ટ નથી અને સારા રસ્તા તોડી નવા બનાવવા રુપિયા છે ? જયારે આ બાબતે ચીફ ઓફીસરને પૂછતાં તેમણે જણાવ્યું કે, રીકન્ટ્રકશનની દરખાસ્ત કરવામાં આવેલી છે જેને લઈને રોડ તોડીને નવા બનાવવામાં આવી રહ્યા છે. પાલિકાના સત્તાધિશો અને કોન્ટ્રાકટરની મિલીભગતથી લાખો રુપિયાની ગ્રાન્ટો આવી રીતે વેડફી નાખવામાં આવે છે. તો લોકોમાં આક્રોષ ફેલાયો છે અને બગસરા પાલિકાની ભાવનગર આર.સિ.એમ. અને જિલ્લા કલેકટર દ્વારા તપાસ કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

### પતંગ ચગાવતી વખતની ઘટના

## બાબરાનાં રાયપર ગામે ૧૨ વર્ષિય તરૂણીનું કૂવામાં પડી જવાથી મોત

**પાણીમાં ડૂબી જવાથી અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૩

બાબરા તાલુકાના રાયપર ગામે જેરામભાઈ ત્રાપસીયાની વાડીએ રહેતી અને મુળ મધ્યપ્રદેશના વતની આરતીબેન ભરતભાઈ ભીલાળા નામની ૧૨ વર્ષિય તરૂણી તા. ૧ ના રોજ ભાગવી રાખેલ વાડીએ પતંગ ચગાવતી વખતે અકસ્માતે કુવામાં પડી જતા પાણીમાં ડુબી જવાથી તરૂણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


**જોઈએ છે**

કોમ્પ્યુટર ઓપરેટર.........૨

CorelDraw, Photoshop, PageMaket-7,

તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી

અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો

રુબરૂ મળવાનો સમય : ૧૨ : ૩૦ થી ૧ : ૩૦

**અમરેલી એક્સપ્રેસ**

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

**શ્રીનાથજી કોમ્પ્યુટર્સ**

ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪













**જુના માર્કેટયાર્ડમાં**

**દુકાન વેચવાની છે...**

અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.

:: સંપર્ક કરો ::

**શ્રી જેરામભાઈ સોહલીયા**

મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪



**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




















# શું આપણી જાત સિવાય કોઈનેય બદલી શકાય ખરા ?

## પગદંડી/લેખન



– શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

આવો પ્રશ્ન હંમેશા દરેકને થતો હોય છે. મને પણ થાય છે. છતાં સનાતન સત્ય એ છે કે મારા સહિત તમામ જગતને બદલવા નીકળ્યાં છીએ. કુદરતનો ક્રમ છે કે જો બદલવું હોય તો આપણે જાતે જ બદલવુ રહ્યું. અન્યને બદલવા માત્ર ફાંફા મારા જેવું છે. કારણ સાવ સામાન્ય છે, દરેક માણસ બધી રીતે અંગ અંગમાં એક સમાન છે. પણ વિચાર પ્રકૃતિમાં માણસ એકસમાન નથી.

એમ કહેવાયું છે કે ધાયનો સેલ્ફ. જાતને ઓળખો. એમ પણ કહેવાયું છે કે આત્મદીપો ભવ તું તારો દીવા થા. એમ નથી. કહેવાયું કે તું બધાનો દીવો થાય. હા જીવનમાં પરોપકારી વૃતિ હોય તો અન્યની તસમને જરૂર અજવાળી શકાય. પણ પહેલાં તો જાત ઉપર જ કુહાડી મારવી પડે.

અંગ્રેજીમાં એક કહેવત છે. God Helps those, who help selves. અર્થાત ઈશ્વર એવા લોકોને મદદ કરે છે કે તે પોતાની મદદ કરે છે. પોતાની જાતને મદદ કોણ કરે ? જાતે જ કરવી રહી.

એક ઉદાહરણ જોઈએ. બે નાનકડી ટબૂકડીઓ હાથમાં હાથ જાલી નીશાળે જતી હતી. મોડું થયું હતું બન્ને ચિંતામાં હતી. મેડમ, પ્રિન્સિપાલ વઢશે. ત્યારે એક ટબૂકડીએ ઊભા રહી કહ્યું ''ચાલ ઉભા રહી જઈએ કે ભગવાનને પ્રાર્થના કરીએ કે મદદ કરે.'' પણ તરત પેલી બીજી ટબૂકડીએ કહ્યું ના હોં એના કરતા તો ઝડપથી ચાલી નિશાળે પહોંચી જઈએ. ને રસ્તામાં જ પ્રાર્થના કરીશું.

આ બે ટબૂકડીઓ આપણે જ છીએ. પહેલી ટબૂકઢી જેવા કે કામ છોડી હતાશ થઈ બધું મૂકી બોલી જવામાં માને છે. તો બીજા બીજી ટબૂકડી જેવા છે. ભલે ગમે તે થાય પણ સ્થાન ગોલ સુધી પહોંચવું જ છે. જાતે કરીશું. તો જ ગોલ હાંસલ થશે. અન્યથા પેલા સસલા કાચબાની દોડ જેવું થાય.

મોટે ભાગે આપણેં સ્વાવલંબીમાંથી પરાવલંબી બની ગયા છીએ. આ ટેવ, આદત નાનપણથી જ પડી છે. નાના હતા ત્યારે મમ્મી બધું આપણું કરી આપતી હતી. એને ઓર્ડર કરતા હતાં. બધું તૈયાર મળી જતું હતું. એટલે સ્વાવલંબી ચાલ્યું ગયું. મોટા થાય ત્યારે પેલું પરાવલંબન ઘર કરી ગયેલું હતું. તે મકાનમાલીક બનીને બેઠું હતું પછી એમ મકાન ખાલી કરે ખરૂં ?

વળી બીજી વાત એ છે કે આપણને કોઈ વાતમાં આનંદ કે સુખ મળતાં જ નથી. આપણો સ્વભાવ એવો પડી ગયો છે કે તેનો સંતોષ નથી ને નથી તેનો બળાપો અભરખો થયા કરે છે.

એક પ્રસંગ યાદ આવે છે. એક વૃદ્ધ માજી તેના પૌત્રને દરિયાકિનારે ફરવા લઈ જાય છે. પૌત્રે સુંદર વસ્ત્રો ઉપર માથે એક સુંદર ટોપી પહેરી હતી. દરિયાનાં મોજામાં વળતાં ફીણામાં તે બાળક રમી રહ્યો હતો.

એવામાં એક મોટું મોજું આવ્યું ને બાળકને તાણી ગયું માજી તો રડવા માંડયા. ઈવશ્વરને પ્રાર્થના કરવા લાગ્યા કે તેના પૌત્રને બચાવો. કુદરતને કરવું ને બીજું મોજું આવ્યું ને તેમનો પૌત્ર કિનારે ફેકાઈ ગયો. થોડીવારે ભાનમાં આવ્યો ડોશીમાં ખુશ થયા. ભગવાનને કહેવા લાગ્યા તારો આભાર પણ મારા દીકરાની ટોપી કયાં ?

જીવતો જાગતો દિકરો મળ્યો. એનો આનંદ પેલી તણાઈ ગયેલી ટોપી છીનવી ગઈ. આપણું પણ એવું જ છે ને વેપારમાં નફા ઉપરાંત થોડી રકમ વધી એનો આનંદ નથી થતો પણ એ રકમ બમણી કયારે થશે ? એની ચિંતા વળગે છે. ટૂંકમાં જે મળ્યું છે એનો આભાર માનવાને બદલે નથી. મળ્યું તેનો અફસોસમાં પડી જઈએ છીએ.

સુખ દુ:ખ તો જીવન સાથે ઘડાયેલાં છે. એને કોઈ સંજોગોમાં છોડી શકીએ એમ નથી. દૂર નહિ કરી શકીએ. પણ એ સુખદુ:ખ મુશ્કેલીઓ, પ્રવૃતિઓ, અઘાત પ્રત્યાઘાત અખર આપણા જીવન પર ન પડવી જોઈએ. કવિ કહે છે ને ગણ્યું ને પ્યારૂ પ્યારાએ અતિ પ્યારૂ ગણી લેજે.

જિંદગીનાં જેટલાં શ્વાસ નોંધાવીને આવ્યા છીએ. એટલા શ્વાસ આનંદથી જીવીએ એનું નામ જ જિંદગી છે. એને સુંદર બનાવનાર માણસ તરી જાય છે. મોક્ષ પામે છે. બાકી મૃત્યુ પછી શું છે એની કયાં કોઈને જાણ છે ? શું થવાનું છે ? માટે જ વેદ વાકય છે ને,

તેન ત્યકતેન ભૂંજીથા. ત્યાગીને ભોગવી જાણો. – અસ્તુ –



# બાલ એક્સપ્રેસ



સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## હસવાની મનાઈ છે.

**શિક્ષક :** મચ્છર અને માખી વચ્ચેનો તફાવત શું ?
મનોજ સર, મચ્છર આપણું લોહી પીએ છે અને માખી ચા પીએ છે.
વિષ્ણુ જે. જોશી, રાજકોટ

**મિન્ટુ :** મારા પિતાના પિતા કૂવામાં પડયા હતાં.
તેમને વીસ વર પછી બહાર કાઢયા ત્યારે પણ તેઓ જીવતા હતા.
**રિન્ટુ :** મારા પિતાના પિતાનું ઘડિયાળ કૂવામાં પડયુ હતું. તે વીસ વર્ષ પછી બહાર કાઢયું ત્યારે પણ ચાલુ હાલતમાં જ હતું.
**મિન્ટુ :** ઓ તારી, આ તે કમાલ કહેવા
**રિન્ટુ :** પિન્ટુ તારા પિતા કૂવામાં પડયા શું કરતા હતા ?
**મિન્ટુ :** તારા પિતાની ઘડિયાલની ચાવી ભરતા હતાં.
મનસ્વી જે. ગોસાઈ, જશદણ

**રિંકુ :** તેં ચાર વાર આઈસ્ક્રીમ લીધો છે, છતાં પાંચમી વાર લેવા જાય છે તો તેને જરાય શરમ નથી આવતી ?
**મોન્ટુ :** એમ મને શાની શરમ આવે ? અત્યારે સુધી હું જેટલી વાર આઈસ્ક્રીમ લેવા ગઈ ત્યારે મેં એવું જ કહ્યું કે આ તારા માટે લઈ આવું છું.
કંગના બી. વેકરીયા, જુનાગઢ

**સમીર :** ડોકટર સાહેબ, મને તો બહુ ડર લાગે છે.
**ડોકટર :** કેમ શું થયું છે ?
**સમીર :** ડોકટર સાહેબ, તમારો પાલતૂ ટોમી જોરજોરથી ભસી રહ્યો છે અને કરડવાના ઈરાદાથી મારી આગળ–પાછળ ચકરાવા મારે છે.
**ડોકટર :** થોડા ધીરજ સહયોગ આપો. હકીકતમાં વાત એમ છે કે મારી શ્વાનના કરડવાના ઈલાજ અંગેના ઈન્જેકશન ધૂળ ખાંતા પડી રહ્યા છે, વધુમાં ઈન્જેકશનની એકસપાયરી ડેટ પણ આ મહિનાના અંતની છે !

## ગીત

પંખીનો કલરવ મને મીઠો મીઠો લાગે,
મનને લોભાવે એવો મીઠો મીઠો લાગે...
રંગબેરંગી પીંછા ફેલાવી,
મોરલા રે નાચતાને ટહુકાર કરતા...પંખીનો...
આંબાની ડાળે કોયલ રાણી
કૂદુ–કૂદુ કરીને ગીતડાં એ ગાવે.... પંખીનો...
કાબરબાઈ તો કલશાઉર કરતાં,
કાગડભાઈ તો કા–કા રે કરતા... પંખીનો...
કબૂતરનું ઘૂ–ઘૂ ચકલી ચીં–ચીં,
પોપટભાઈ તો મીઠું – મીઠું બોલતા.... પંખીનો...

**નામ : સંજયભાઈ ભીખાભાઈ વાળોદરા**
**શ્રી અંટાળિયા પ્રા. શાળા– પ્રા. શિક્ષક**
**મો : ૭૬૯૮૨ ૮૩૮૦૮**

## માળાનાં મોતી સુવિચાર

દરેક જણ પોતાનું આંગણું વાળી નાખે એટલે દુનિયા આખી ચોખ્ખી થઈ જાય.

નીચે ગબડી પડવામાં નિષ્ફળતા નથી ગબડયા પછી ત્યાં પડયા રહેવામાં છે.

આ પળોનો ખ્યાલ રાખજો યુગ તો એનું સાંભળી લેશે.

બીજા કોઈને ખોટો પુરવાર કરવાની જરૂર અનુભવ્યા વિના જ આપણે આપણી સચ્ચાઈ વિશે સંતોષ લઈ શકીએ – ત્યારે આપણા પીઢપણાનો આરંભ થયો ગણાય.

પ્રકાશ ફેલાવવાના બે રસ્તા છે : મીણબત્તી બનવું, અથવા એનું પ્રતિબિંબ પાડનાર આરસી બનવું.

## સંદર્ભની વહેતી સરીતાઓ




પાઠય પુસ્તકો તો મનુષ્ય જીવનને સ્વનિર્ભર બનાવવા માટેની એક મુખ્ય ધારા છે. પરંતુ એ ધારાના મૂળમાં અનેક જ્ઞાનઝરણ રહેલા છે. જયાં સુધી એ સંદર્ભ ઝરણાંઓનો વિદ્યાર્થીને સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી વિભિન્ન વિદ્યાશાખાઓમાં એનો અનિવાર્ય એવો આનુષંગિક વિકાસ અટકી જાય છે. જે સમયે એને ઢાકા અને અમદાવાદની કાપડ મિલોનો જમાનો ભણવાનો આવે એ સમયે એને એકાદ પાવરલુમ યુનિટ કે સાડીનું કારખાનું જોવા મળે તો એને ખ્યાલ આવે છે કે વસ્ત્ર નિર્માણમાં રસાયણ વિજ્ઞાન અને યંત્રોના સમન્વય ઉચ્ચ શિખરો કઈ રીતે સિદ્ધ કરી શકાય છે. એ જ રીતે જયારે એને ઈતિહાસ ભણવાનો આવે ત્યારે પુરાતત્વો મંદિરો મ્યુઝિયમો ઔતિહાસિક સ્થળો અને પ્રદર્શનો જોવાનો લાભ મળવો જોઈએ. ઘોડાની આંખે બાંધવામાં આવતા ડાબલા જેવી સ્થિતિ પાઠય પુસ્તકને આધીન વિદ્યાર્થી સમાજની ન થઈ જાય એ જોવાની જવાબદારી કદાચ વિદ્યા સંસ્થાઓ કરતા વાલીઓની વિશેષ છે. કારણ કે વિદ્યા સંસ્થાઓને તો વાલીઓએ માત્ર પાઠય ક્રમ આધારિત સિદ્ધિઓ આપવાની જવાબદારી ભારપૂર્વક સોંપેલી છે. ઘરમાં રહેલું નાનકડું સંદભૃજન્ય ગૃહગ્રથાલય આ દિશામાં બાળકના વિકાસની આધારશીલા બની શકે છે.

### ભાગ–૨

**જગદીશભાઈ પટેલ**

વ્હીલચેરમાં લઈ જનાર સેવક મને વારંવાર યાદ અપાવતો રહ્યો કે ''સા'બ બહોત દૂર હૈ... બહોત સમય લગેગા.'' આવું લગભગ દસેક વાર તેણે કહ્યું હશે. તેનો હેતુ તેની બક્ષિસને સમજાવવાનો હતો. તે આડકતરી રીતે મને કહેતો હતો કે ''જોજો, ઓછી બક્ષિસ આપતા નહીં.'' મને તેની લાલચુ વૃત્તિ ન ગમી. આવો જ અનુભવ લગભગ બધાં એરપોર્ટ ઉપર થતો રહ્યો છે. પ્રશ્ન થાય છે કે શું આપણે લાલચુ છીએ ? છેલ્લે અમે ગયાં અને જોયું તો અમારા આગળનો ફર્સ્ટ કલાસ અડધો પણ ભરાયો ન હતો. મને લાગે છે કે આ કલાસ ખોટમાં ચાલતો હશે. કદાચ ભવિષ્યમાં આ કલાસ કાઢી નાખવાનો અથવા ઓછો કરી નાખવાનો વિચાર પણ આવે.


અમે સૌ પોતપોતાની સીટ ઉપર ગોઠવાઈ ગયાં. અહીંથી અમારી સાથે લાભુભાઈ લાખાણી તથા ડાકટર જીવરાજ ડાંખરા વગેરે પણ સપરિવાર જોડાયા હતા. તેઓ બધાં પણ બેસી ગયાં. વિમાન સમયસર ઊપડયું. ઘણાને ખબર




મંદિરના પૂજારીથી માંડીને ઓફિસના સાહેબ સુધી જયાં જુઓ ત્યાં લાલચ જ લાલચ બેઠી છે! શું આવો આપણો દેશ બની ગયો છે ? ગ્લાનિ થાય છે. અંતે અમે ૫૧ નંબરની ગેટ ઉપર પહોંચી ગયા. જગડુશાને મેં કહ્યું કે આ ભાઈને ૨૦૦ રૂપિયા આપી દો. જગડુશાએ તરત જ આપી દીધા. તો પણ પેલા ભાઈનો ચહેરો પૂરેપૂરો પ્રસન્ન થયેલો ન દેખાયો. કદાચ તેની અપેક્ષા વધુ મોટી હોય. જે હોય તે, પણ અમે મુંબઈથી કોચીન જનારા વિમાનની પ્રતીક્ષામાં ખુરશીઓ ઉપર ગોઠવાઈ ગયાં. આવો અનુભવ મને પશ્ચિમના પ્રવાસમાં કયાંય થયો ન હતો, તેથી જાણતાં–અજાણતાં પણ તુલના થઈ જવી સ્વાભાવિક છે.

અમે બધાં કોચીનના વિમાનની પ્રતીક્ષા કરતાં એરપોર્ટ ઉપર બેઠાં છીએ. આપણું આવું સરસ, સુંદર અને ભવ્ય એરપોર્ટ જોઈને છાતી ગદગદ થાય છે અને ગૌરવ વધે છે. ગૌરવનાં કારણો હોય તોજ સાચું ગૌરવ–સુખ મળી શકે. કારણો વિનાનું ગૌરવ એ માત્ર વાચાળતા જ કહેવાય. વાતવાતમાં 'હમ મહાન' કહેવાથી મહાન થવાય નહીં, પણ તેનાં કારણો હોય તો જ મહાન થવાય. અંતે અમારી વિદાયની ઘડી આવી ગઈ. પાછળના નંબરોથી ગેટમાં બોલાવવાનું શરૂ થયું. અમે સૌથી આગળના નંબરમાં હતા. એટલે અમારે સૌથી પાછળ જવાનું હતું. પશ્ચિમમાં મેં જોયું છે કે સૌથી પહેલાં વિકલાંગો, વૃદ્ધો અને બાળકોવાળી સ્ત્રીઓને વિમાનમાં બેસવાનો ચાન્સ અપાતો હોય છે, પણ હજી આપણે ત્યાં આ રીત પ્રચલિત થઈ લાગતી નથી. સેથી નહીં હોય પણ વિમાનોને રિવર્સ ગિઅર હોતો નથી. ખરેખર તો વિમાનો ગિઅર્સ વિનાનાં જ હોય છે. એટલે જયારે વિમાનને પાછળ લેવું હોય ત્યારે કોઈ ક્શિાળી વાહન હૂક લગાવીને તેને પાછળ ધકેલતું હોય છે. અને યોગ્યપોઝિશનમાં આવતાં છૂટું પડી જતું હોય છે. ઘણી વાર મોટાં એરપોર્ટ ઉપર વિમાન સમયસર ઊપડવા છતાં રન–ઉપર પહોંચતાં તેને ઘણો સમય લાગતો હોય છે, કારણ કે આગળ ઘણાં વિમાનો ઊડવાની તૈયારીમાં લાઈનસર ઊભાં હોય કે અત્યારે મુંબઈનો રન વે ફરીથી રિપેર થતો હોવાથી માત્ર એક રનવેથી કામ ચલાવવું પડે છે. તેથી વિમાનોને ઊડવા માટે પાણી પ્રતીક્ષા કરવી પડે છે. અંતે અમારૂ વિમાન મુખ્ય રનવે ઉપર મારૂ અને ઘુઘવાટા કરતું દોડયું અને જોતજોતાંમાં આકાશમાં ચડી રચું અત્યારે પૂરા વિમાં બોઈંગ અને એરબસનાં વિમાનોની ધૂમ મચી છે. આ બે કંપનીઓ એટલાં સારાં અને મજબૂત વિમાનો મારે છે કે લગભગ બધે જ તેમનાં વિમાનો ઊડે છે. ચીન અને રશિયા જેવા દેશો પણ આ કંપનીઓનાં વિમાનો ખરીદે છે. તમારી વૈજ્ઞાનિક અગ્રતા તમને વિની પ્રથમ હરોળમાં મૂકે છે. અને વૈજ્ઞાનિક અગ્રતા સતત પ્રયોગશાળામાંથી આવતી હોય છે. આપણે ત્યાં ઘણા ત્રિકાળજ્ઞાની, સર્વજ્ઞ અને કેવલી જેવા પુઢષો થયા એવું જેતે સંપ્રદાયના લોકો માનતા હોય છે, પણ તેમણે નાની સરખી સોય પણ બનાવી હોય તેવું જાણ્યું નથી. જે જ્ઞાન ઉપયોગી ન હોય, માત્ર શ્રદ્ધાની અવધારણા જ હોય તે નશો તો ચઢાવે છે, પણ પ્રશ્નો ઉકેલતું નથી.

**બાલમિત્રો,**



હેપી ન્યુ યર... નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ બાળમિત્રો આને ઈ.સ.નું નવું વર્ષ કહેવામાં આવે છે. આપણા દેશી મહિનાના કારતક મહિનાથી નૂતન વર્ષ શરૂ થાય. તા.૨૫/૧૨/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ સુધી ખ્રિસ્તીઓ નાતાલનું પર્વ ઉજવે છે. આપણો પાંચ દિવસનું દીવાળી પર્વ ઉજવીએ છીએ તેમ.

પહેલો તો માત્ર ખ્રિસ્તીઓ જ નાતાલનું પર્વ ઉજવતા હતાં પણ આજે દરેક માણસ થોડેઘણો અંશે નાતાલ ઉજવે છે. આપ તો શાન્તાકલોઝ બાળકોને એવો બાળકો જે અનાથ છે. ગરીબ છે, લોકો પણ અસહાય હોય, ગરીબ હોય તેમને પીયર, રમકડા આપી ખુશ કરે છે. આ દિવસે બધાં જ ખુશ હોવા જોઈએ એવી ભાવના રહેલી છે. આ પર્વમાં

તમે પણ તમારા ઘરમાં, શાળામાં, કોલેજમાં ૩૧ ડિસેમ્બર ઉજવી જ હશે. જેમ ગણેશ ચતુર્થી ઉજવીએ છીએ તેમ સૌની નૂતન વર્ષ સુખ–આનંદ મચી નિવડો એવી શુભેચ્છા.....

## રાજા હું રે પનોતી

એક હતી ચકલી. ચકલી ચણતી હતી ત્યાં એને એક મોતી જડયું. ચકલીબાઈએ મોતી નાકમાં પહેર્યુ ને ફુલાતાં ફુલાતાં એક ઝાડની ડાળે જઈને બેઠાં. ત્યાંથી એક રાજા નીકળ્યો. રાજાને જોઈ ચકલીબાઈ કહે –

રાજા હું રે પનોતી,
મારે નાકે નિર્મળ મોતી;
રાજા હું રે પનોતી,
મારે નાકે નિર્મળ મોતી.

રાજા મનમાં મનમાં ખિજાયો, પણ તે દિવસે તો કાંઈ કોલ્યાચાલ્યા વિના કચેરીમાં ચાલ્યો ગયો. બીજે દિવસે રાજા કચેરીમાં જતો હતો ત્યાં વળી ચકલી બોલી –

રાજા હું રે પનોતી,
મારે નાકે નિર્મળ મોતી;
રાજા હું રે પનોતી,
મારે નાકે નિર્મળ મોતી.

આ વખતે તો રાજા ખૂબ ખિજાયો. રાજાએ તો પાછા વળીને ચકલીને પકડીને તેના નાકમાંથી મોતી કાઢી લીધું. ચકલી કાંઈ રાજાથી ડરે તેવી ન હતી. તે તો બોલવા માંડી –

રાજા ભગત ભિખારી,
મારૂ મોતી લઈ લીધું.
રાજા ભગત ભિખારી,
મારૂ મોતી લઈ લીધું.

રાજાને તો વધારે ખીજ ચડી. તે કહે – શું હું કોઈ ભિખારી છું ? હું તો રાજા છું. મારે કયાં ભૂખ છે ? આપી દો ચકલીને એનું મોતી પાછું.

રાજાએ ચકલીને મોતી પાછું આપી દીધું. એટલે ચકલી વળી બોલવા માંડી –

રાજા મારાથી બીનો,
મારૂ મોતી પાછું આપી દીધું,
રાજા મારાથી બીનો,
મારૂ મોતી પાછું આપી દીધું.

હવે તો રાજા બરાબર દાઝે બળ્યો. એ કહે – વળી શું ? એક ભૂંડી ચકલી આટલું બધું કેમ બોલી શકે ? રાજાએ તો ચકલીને પકડાવી. તેને માથે મૂંડો કરાવ્યો ને તેના ઉપર ચૂનો ચોપડાવી કાઢી મૂકી. ચકલી કહે રાજા અને રાજાના આખા કુટુંબને માથે મૂંડો ન કરાવું તો મારૂ નામ ચકલી નહીં! પછી ચકલી એક શંકરના દહેરામાં જઈને બેઠી. રાજા રોજ શંકરનાં દર્શન કરવા આવે ને પગે લાગીને બોલે હે શંકરબાપા ! ભલું કરજો.

રોજની પેઠે રાજા દર્શન કરવા આવ્યો ને શંકરને પગે લાગીને બોલ્યો – હે શંકરબાપા! ભલું કરજો.

ત્યાં ચકલી બોલી નહિ કરૂ !

રાજા તો વિચારમાં પડયો. તે ફરીવાર પગે લાગ્યો ને બોલ્યો હે શંકરબાપા ! ભલું કરજો. ત્યાં વળી ચકલી બોલી – નહિ કરૂ !

રાજા ગભરાયો. તે કહે હે ભગવાન ! મારો કંઈ વાંક થયો હોય તો માફ કરજો ! તમે કહેશો તેમ હું કરીશ. હે ભગવાન ! મારૂ ભલું કરજો. ચકલી કહે–રાજા ! તું અને તારૂ આખું કુટુંબ માથે ભૂંડો કરાવી, ચૂનો ચોપડી મને પગે લાગવા આવો તો ભલું કરૂ. બીજે દિવસે રાજા અને તેના આખા કુટુંબે મૂંડા કરાવ્યા, માથે ચૂનો ચોપડયો ને સૌ મંદિરે આવ્યાં. આવીને સૌ બોલ્યાં – હે શંકરબાપા ! અમારૂ ભલું કરજો. ત્યાં તો ચકલીબાઈ ભરરરર કરતાં ભાગ્યાં ને બહાર જઈને બોલ્યાં –

ચકીબાઈ એક મૂંડાણાં
રાજકુટુંબ મૂંડાણું !
ચકીબાઈ એક મૂંડાણાં,
રાજકુટુંબ મૂંડાણું !

રાજા તો ભોંઠો પડી ગયો. નીચે મોંએ મહેલમાં પહોંચી ગયો.




## નાચવા ના જવું તેને આંગણું વાંકું

**અર્થ :** કામ કરનારને હજાર બહાનાં મળી રહે છે. કામ કરતાં આવડે નહિ ને ખોટાં બહાનાં બતાવવાં.

**વાર્તા :** જમીનદાર ચૌધરીને ગીત સંગીતનો ખૂબ શોખીન હતો. એના દીકરાનું લગ્ન લેવાયું. એણે વિચાર્યુ કે લગ્નના બીજાદિવસે નાચ–ગાનની મહેફિલ ગોઠવવી જોઈએ. જેથી મહેમાનોને મનોરંજન મળે. જમીનદારે મુનીમજીને કહ્યું. કોઈ સારી ગાયક મંડળી અને નર્તકીની વ્યવસ્થા કરો. ગાયક મંડળી તો મળી પણ નામીચી નર્તકીની ગોઠવણ થઈ શકી નહીં. જાણીતી નૃત્યાંગના આવે તો જલસો જામે. છેવટે એક નર્તકીને આવવા માટે રાજી કરી.

મંડપમાં જાજમ પથરાઈ. મહેમાનો ગોઠવાઈ ગયા. ગાયક મંડળીનો ગાયન–વાદનનો કાર્યક્રમ શરૂ થયો. નર્તકી પણ આવી ગઈ. નૃત્યના કાર્યક્રમની જાહેરાત થઈ. સાજિંદા અવનવાં વાજિંત્ર વગાડતા રહ્યા. નર્તકી કયારેક ઝાંઝર તો કયારેક કપડાં ઠીક કરતી. કયારેક દર્પણમાં જોઈ નખરાં કરતી પણ નૃત્ય કરવા મંચ ઉપર આવતી ન હતી. અંતમાં જમીનદાર અને મહેમાનોના આગ્રહ પછી તે નૃત્ય કરવા આવી. નૃત્ય શરૂ થયું પણ તાલ અને સૂર સાથે તેના નાચનો મેળખાતો ન હતો. તેની અદા, ઠુમકા અને હાવભાવનાં ઠેકાણાં ન હતાં તેથી નારાજ થઈને જમીનદારે પૂછયું, ''તને નર્તકી કોણે બનાવી ? તને તો નાચતાં જ નથી આવડતું.''


નર્તકીએ બેશરમ થઈ કહ્યું, ''ચૌધરીજી, નાચવાનું તો મને સરસ આવડે છે પણ તમારા આંગણામાં બાંધેલો આ મંડપ અને મંચ વાંકોચૂકો છે તેથી મારાં ચરણ વ્યવસ્થિત અને સીધાં પડતાં નથી.''



એક મહેમાને મજાક કરતાં કહ્યું, ''પોતાનાથી કોઈ કામ બરાબર ન થાય ત્યારે બીજાનો વાંક કાઢવાની આ રીતને જ નાચવાનું જાણે નહીં અથવા નાચવું હોય નહીં ત્યારે આંગણાનો દોષ કાઢવો કહે છે.''

## રવિશંકર મહારાજ

**જન્મ : – ૨૫ ફેબ્રુઆરી, ૧૮૮૪**
**મહાપ્રયાણ : ૧ જુલાઈ, ૧૯૮૪**






ગુજરાતના મૂળસેવક રવિશંકર મહારાજનો જન્મ ૨૫ ફેબ્રુઆરી, ૧૮૮૪ના રોજ મહાશિવરાત્રિએ ખેડા જિલ્લાના રઢુ ગામમાં થયો હતો. તેમનું મૂળ વતન મહેમદાવાદ તાલુકાનું સરસવણી. પિતાંબર શિવરામ વ્યાસે જીવનમાં શિસ્તનું મહત્ત્વ સમજાવ્યું, તો માતાની ધર્મપરાયણ વૃત્તિએ તેમનામાં નાનપણથી જ સમાજસેવાનાં બીજ રોપ્યાં હતાં. સન ૧૮૯૯–૧૯૦૦માં આખા પ્રાંતમાં પ્લેગ ફાટી નીકળ્યો હતો. તેમાં રવિશંકરનાં માતા–પિતા પણ બચી શકયા નહોતાં. તેમણે ૧૯મા વરસે પિતાનું તો ૨૨ મા વર્ષે માતાનું છત્ર ગુમાવ્યું. ભણતર કેટલુ ? માત્ર છ ચોપડી. પણ તેમની પાસે અનુભવનું ભાથું વધારે હતું. તે સમગે ભારતમાં ધોળા અંગ્રેજોનું શાસન હતું. એ દરમિયાન અહીં રવિશંકર વ્યાસની ગાંધીજીની સાથે મુલાકાત થઈ. જેમણે રવિશંકરના જીવનને એક નવી જ દિશા આપી અને રવિશંકર વ્યાસમાંથી રવિશંકર 'મહારાજ' તરફની યાત્રાનો આરંભ થયો.ઈ.સ. ૧૯૨૦માં ગાંધીજીએ અંગ્રેજો સામે અસહકારનું આંદોલન શરૂ કર્યુ. જેની શરૂઆત બારડોલીથી થવાની હતી. તેમાં ભાગ લેવા ૨૦૦ સ્વયંસેવકોએ નામ નોંધાવ્યાં હતાં, જેમાં બે નામ સૌથી અગ્રેસર હતાં – મોહનલાલ પંડયા અને રવિશંકર મહારાજ. તેમણે બોરસદ સત્યાગ્રહ, દાંડીકૂચ, ભારત છોડો આંદોલનમાં પણ ભાગ લીધો, અનેકવાર જેલમાં પણ ગયા. અત્રે ઉલ્લેખનીય છે કે આઝાદી મેળવ્યા પછી તેઓ સતત સમાજ સુધારણાનાં કામોમાં કાર્યરત રહ્યા. એવું કહેવાય છે કે વર્ષ ૧૯૨૦માં તેમના પગરખાં ચોરાયા પછી તેમણે હંમેશાં માટે પગરખાનો ત્યાગ કર્યો હતો. ૧૯૫૫થી ૧૯૫૮ દરમિયાન તેમણે ૭૧ વર્ષની ઉંમરે ઉઘાડા પગે ભૂદાન માટે ૬૦૦૦ કિલોમિટરની યાત્રા ચાલતાં – ચાલતાં પૂરી કરી હતી. તેમણે તે સમયના બહારવટિયાઓને સુધારવાનું કામ જાનના જોખમે કર્યુ હતું. દારૂબંધીથી લઈને દુકાળમાં રાહતકાર્ય કરવા સુધીનાં જનસેવાનાં કાર્યો કરી, તેમણે 'માનવસેવા એ જ પ્રભુસેવા'નો પ્રેરક સંદેશ આપ્યો હતો. આખી જિંદગી તેમણે માત્ર એક ટંક ખાધું અને એ પણ માત્ર ખીચડી. ગુજરાત રાજ્યની સ્થાપના પહેલી મે, ૧૯૬૦ને દિવસે તેમના જ મંગળ પ્રવચનથી કરવામાં આવેલી. તે સમયે તેમણે ગુજરાતના રાજકારણીઓને જનસેવક બનવાની અને સાદગી જાળવી, જનતાના હિતમાં શાસન કરવાની સલાહ આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ઝવેરચંદ મેઘાણીએ માણસાઈના દીવા નામની નવલકથા લખી છે જે રવિશંકર મહારાજનાં કાર્યો અને તેમના મુખેથી સંભળાવેલ વાતો સંચય છે. આવ મૂક લોકસેવક અને સ્વતંત્રતાના અનોખા સુકાની એવા રવિશંકર મહારાજનું ૧ જુલાઈ ૧૯૮૪ના રોજ દિનધન થયું. પણ આજેય તેમના સ્વાતંત્ર્ય માટેનાં કાર્યો અને લોકસેવા આપણને સૌને રાહ ચીંધે છે.

દેશ–ધર્મ પર બલિ હો જાના બચપન સે જો સીખ ચુકે, અત્યાચાર–ક્રૂરતા–પશુતા ઝેલ ગયે પર નહીં ઝુંકે

# ઊડણખટોલાની મજા

કબુકબુ, આજા, આજા!
હસમુખ બોરાણિયા

**લેખક પરિચય**
**નામ : હસમુખ બોરાણિયા**
**જન્મતારીખ : ૧૮.૦૫.૧૯૫૯**
**વતન: બાબાપુર, હાલ: અમરેલી.**
**વ્યવસાય: નિવૃત્ત પ્રિન્સિપાલ, (પ્રાથમિક શાળા)**

એક હતો પહાડ. ઊંચો – ઊંચો. જાણે આકાશે આભેં એવડો ઊંચો. પહાડ ફરતું જંગલ. જંગલમાં અનેક પંખીઓ, પશુઓ રહે !

પહાડ ચડવા માટે પગથિયાં બનાવેલા હતાં. પહાડ ઉપર ફરવાનાં સ્થળો હતા, આરસપહાણનું મંદિર હતું. પહાડ ઉપર મોટી ઉંમરના લોકો કેમ જાય ? એટલે ત્યાં ઉડણખટોલાની સગવડ કરવામાં આવી. તેની ફી ભરીને આવ જા થઈ શકે.

દરરોજ સવારથી સાંજ સુધી લોકોની અવરજવર રહે. જાણે આકાશે તરતાં હોઈએ એવું લાગે. નીચે જંગલ દેખાય, ઉપર વાદળને નીચે ઊંડી ખાઈ દેખાય !

જંગલમાં રહેતાં પંખીઓ ચકલી, પોપટ, કાગડા, કોયલ, મોર, હોલાં બધાં ઉડણખટોલાની કમાલ જોયાં કરે. જંગલનાં પ્રાણીઓ પણ ઉડણખટોલાને જોયા કરે.

એક દિવસ પંખીઓ અને પ્રાણીઓએ નકકી કર્યુ, આપણે ઉડણખટોલામાં બેસીએ.

સસલું કહે, ''મને બીક લાગે હોં ! કયાંય હેઠાં પડીએ તો, ફોદા નીકળી જાય !''

કાગડો બોલ્યો ''એવાં ને એવાં બીકણ રહ્યા તમે !''

ચકલી, પોપટ જેવા પંખીઓ કહે, ''અમને બીક ના લાગે, અમે તો ઊડીએ આકાશે.''

મોર કહે, ''મને ખાસ લઈ જજો હોં, હું ઊંચે આકાશે ઊડી ના શકું. મને પહાડની ટોચે જવાની ઈચ્છા છે.''

કાગડો કહે, ''મોર ! તું ઊડણખટોલાની કેબિનમાં સમાઈશ કેમ ? તારાં લાંબાં પીછાં નડે.''

તો કોયલ બોલી, ''મોરને કેબિનમાં એકલો બેસાડી દેવાનો !''

વાતો ચાલતી હતી ત્યાં હાથી કહે, ''મારે આવવું છે.'' કૂતરો કહે, ''હાથીભાઈ, તો પછી....'' હાથી કહે, ''બોલી નાખ, તો... તો... પછી શુ ?''

કૂતરો કહે, ''પહેલી વાત એ કે તમે ઊડણખટોલાની કેબિનમાં સમાવ નહિ, બીજી વાત ઊડણખોટોલો તમારૂ વજન ખેંચી શકે નહિ. ઊડણખોટોલો આવે હેઠો, કડડભૂસ !''

ત્યાં તો સિંહે ગર્જના કરી કહ્યું, ''વનના રાજાને લીધા વગર જશો, એમ ?''

સસલું ડરતાં–ડરતાં કહે, ''એક તો તમે રાજા ને વળી તમારી બીક લાગે, કયાંય અમારૂ ભોજન કરી જાઓ તો ?''

કોયલ કહે, ''સિંહરાજા માટે પણ અલગ કેબિન રાખવી પડે.''

સિંહ કહે, 'હું કોઈનું ભોજન નહિં કરૂ, ઊલટાનું આજનું ભોજન મારા તરફથી, બસ !'

પછી તો બધાંએ ઊડણખોટોલમાં મોજ કરી, મજા પડી ગઈ.


# જીવન કરતાં સુંદર બીજું કાંઈ નથી

વિવેકનો આશ્રય
સચિત્ર બાળવાર્તાઓ


એક દિવસ દેવલોકમાંથી એક લેખિત સૂચના મોકલવામાં આવી. તેનાથી ત્રણેય લોકમાં દોડાદોડી થઈ ગઈ. તેમાં લખ્યું હતું કે આગામી સાત દિવસ સુધી ચિત્રગુપ્તજીની પ્રયોગશાળાના મુખ્ય દ્વારા પરથી કોઈપણ પ્રાણી પોતાની અસુંદર વસ્તુના બદલામાં સુંદર વસ્તુ પ્રાપ્ત કરી શકશે. શરત એક જ છે કે તે ભગવાનમાં માનતો હોવો જોઈએ અને તેને ભગવાનમાં વિશ્વાસ હોવો જોઈએ અને તેને ભગવાનમાં વિશ્વાસ હોવો જોઈએ. દેવલોકમાં તેની પરીક્ષા કરવામાં આવશે.બસ, પછી તો બધા પોતપોતાની બદલવા લાયક વસ્તુઓની યાદી તૈયાર કરવા લાગ્યા. યાદ કરી કરીને પોતાને ન ગમતી વસ્તુઓની યાદી દરેકે બનાવી દીધી. નકકી કરેલી તિથિએ દેવલોકમાંથી અનેક વિમાનો મોકલવામાં આવ્યાં. તેમાં બેસીને આરામથી બધા લોકો દેવલોકમાં પહોંચવા લાગ્યા. જયારે બધા આવી ગયા ત્યારે વિધાતાએ પોતાની દિવ્યદષ્ટિથી ત્રણેય લોકનું નિરીક્ષણ કર્યુ કે કોઈ રહી તો નથી ગયું ને. ફકત એક જ માણસ ધરતી પર રહ્યો હતો. તે આનંદપૂર્વક પોતાની મસ્તીમાં ડૂબેલો હતો. તેમણે તેની પાસે જઈને કહ્યું કે બેટા ! તેં સૂચના સાંભળી નથી ? તું પણ તારી નકામી અને ગંદી વસ્તુઓ કેમ નથી લઈ આવતો ? સારી બાબતોની સન્માન વધે છે.તે નમ્રતા અને ગંભીરતાથી બોલ્યો, ''ભગવન્, મેં સાંભળ્યું તો હતું. મેં ચારેય બાજુ નજર દોડાવી, પરંતુ મને માનવજીવન કરતાં વધારે સુંદર બીજું કંઈ ન લાગ્યું. ભગવાને તે આપ્યું જ છે, તેથી બીજું કશું મેળવવાનું બાકી રહેતું નથી. ભગવાને બીજા બધાને તેમની ઈચ્છા પ્રમાણેની વસ્તુઓ આપી, પરંતુ પેલા માણસને તેમનો રાજા બનાવી દીધો.''



# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
## જ્ઞાન ઝરણા



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. આહાર વિહાર ઉપરથી મનુષ્યના મનની પરીક્ષા થાય છે.
૨. સંસારની માયા જયાં સુધી મીઠી લાગે છે, ત્યાં સુધી મનુષ્યને ભકિતનો રંગ લાગતો નથી.
૩. ભોગ બાધક નથી, ભોગાસકિત બાધક છે.
૪. વૈરાગ્ય વગર ભકિત રડે છે.
૫. સત્તા મળે એટલે મનુષ્ય પાગલ બની જાય છે.
૬. વાસના પણ શૂપર્ણખા જેમ પહેલાં સુંદર લાગે છે. પણ પછી પોતાનું પોત પ્રકાશિત કરે છે.
૭. સેવા બતાવવા માટે ન કરો, ભગવાનને રાજીકરવા માટે કરો.
૮. મનુષ્ય પ્રેમ પરિણામમાં જીવન રડાવે છે. ધીરે ધીરે લૌકિક સ્નેહ છોડો તો પ્રભુ સાથે પ્રેમ થાય છે.
૯. સ્વદોષ દર્શન વગર ઈશ્વર દર્શન થશે નહીં. પરદોષ દર્શન પરમાત્માના દર્શનમાં વિઘ્ન છે.
૧૦. વેર અને વાસના રાખીને મરે છે તેને સદ્ગતિ મળતી નથી. નિશ્ચિત કરો કે કોઈ સાથે વેર રાખવું નહીં.

# જ્ઞાનમંજરી

**ભારતનાં મહત્વનાં સ્થળો**

(૧) શિવ સમુદ્રમ ધોધ કઈ નદી પર છે ? – કાવેરી
(૨) હુગલી નદી પર કયું બંદર છે ? – કોલકત્તા
(૩) બોધિગયા કયા રાજયમાં આવેલ છે ? – બિહાર
(૪) ઓરિસ્સાની મુખ્ય નદી કઈ છે ? – મહા
(૫) મિઝોરમ રાજધાની કઈ છે ? – આઈજોલ
(૬) કોહીમા કયા રાજયનું પાટનગર છે ? – નાગાલેન્ડ
(૭) વિશ્વભારતી વિશ્વવિધાલય કયાં આવેલ છે ? – શાંતિનિકેતન
(૮) રમતગમતના સાધનો માટે કયું શહેર પ્રખ્યાત છે ? – જલંધર
(૯) હિમાલયનું ભારતમાં આવેલું સૌથી ઊંચુ શિખર નંદાદેવી કયા રાજયમાં આવેલું છે ? – ઉતરાખંડ
(૧૦) રાજસ્થાનમાં સૌથી લાંબી નદી કઈ છે ? – લુણી

# ઝળહળ ઝાકળ
**લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા**

## મંથન

પુરાણોની કથા અનુસાર દેવો – દાનવોએ મળી સાગર મંથન કર્યુ હતું અને પરિણામે વિષ અને અમૃત નીકળ્યા હતા. માનવીનું હૈયું સાગરથી પણ અફાટ – અતલ – અમાપ છે. તેમાં સદૈવ મંથન થતું રહે છે, વિષ – અમૃત નીકળ્યાં કરે છે. વેરઝેરના વિખવાદી વિષ અને સ્નેહના શીતળ અમૃત... એના કારણે ઈતિહાસ રચાતો રહે છે અને ભૂગોળ બદલાતી રહે છે. છાશની ગોળીમા મંથન કરવાથી નવનીત નીપજે, પાણીની ગોળીમાં આવું કરીએ તો શું થાય ? – પ...ર...પો...ટા !

## ગીત


સૌથી તે મોટો એશિયા ખંડરે...(૨)
સાથે છે યુરોપ આફ્રિકાની જોડ રે...
સૌથી તે મોટો એશિયા ખંડ રે...
ઉતર–દક્ષિણ બે અમેરિકા સાથે...
સૌથી તે મોટો એશિયા ખંડ રે...
સૌથી તે નાનો ઓસ્ટેલિયા રે...
સૌથી તે મોટો એશિયા ખંડ રે...
છેલ્લા તે એન્ટાર્કટિકા ખંડ રે...
સૌથી તે મોટો એશિયા ખંડ રે...

**નામ : સંજયભાઈ ભીખાભાઈ વાળોદરા**
**શ્રી અંટાળિયા પ્રા. શાળા**

## પ્રયોગ - ૨૫
## દળ શોધો

**હેતુ :** વજનિયાનાં માપ જેટલાં જ પદાર્થને તોલવો.
**સાધન :** ત્રાજવું વજનિયાં.
**પદાર્થો :** ઘઉં
**રીત :** એક કિલોગ્રામ ઘઉંના દળનું માપન કરવા માટે ત્રાજવાનાં એક પલ્લામાં એક કિલોગ્રામનું વજનિયું મૂકો.
જયાં સુધી બંને પલ્લાં સંતુલિત સ્થિતિમાં ન આવે ત્યાં સુધી બીજા પલ્લામાં ધીમે–ધીમે ઘઉં ઉમરેતાં જાઓ.
અવલોકન : એક સમયે બંને પલ્લા સંતુલિત થઈ જશે.
જયારે બન્ને પલ્લાં સંતુલિત આવે ત્યારે પલ્લામાં એક કિલોગ્રામ ઘઉં છે તેમ કહેવાય.
જાતે કરો.
નીચેની વસ્તુનુ ૧ કિલોગ્રામમાં વજન કરો.
(૧) બાજરો
(૨) રીંગણાં
(૩) બટાટા
(૪) રમકડા
(૫) ખાંડ
(૬) રેતી
(૭) બીજા શાકભાજી
(૮) વાટકાઓ
(૯) પુસ્તકો અને નોટબુકો.

**પ્રયોગની પાંખે**
વિજ્ઞાન નગરી
પ્રકાશકઃ શ્રી બળવંત પારેખ



# ટાપુની શોધમાં

સુજલની સાહસકથા
નલિન મહેતા
પ્રકાશક : ભદ્રા મહેતા

જયારે હું ઊભો થયો ત્યારે મેં સુજલને પાણીથી છલોછલ હોડીનો એક છેડો ઝાલી તરતો જોયો. દરિયામાં કૂદકો મારી મેં તેને હોડી ઉથલાવી પાણી ઊલેચવામાં મદદ કરી. પછી હોડીને સવળી કરી અમે બંને તેમાં ચડી બેઠા.

હું તેની આ જોખમી કાર્યવાહીની સફળતા બદલ બિરદાવું એ પહેલાં સુજલ બોલ્યો: ''માફ કરજો મિત્ર, તમારે એક હલેસાથી કામ ચલાવવું પડશે. હું લઈ ગયેલો તે હલેસું હોડીને છૂટી કરાવતાં બટકી ગયું.'' અને પછી હોડીના પાછલા ભાગ પર બેઠક જમાવતા ઉમેર્યુ, ''આમ મને હલેસા મારતાં આવડતું નથી.'' ''કશો વાંધો નહિ,'' મેં સહેજ નવાઈ પામી કહ્યું, ''તમે સુકાની પદ સંભાળો એટલું જ પૂરતું છે – લાગે છે આ પ્રદેશ તમારો જાણીતો છે.'' ''હા, આ બધાં સ્થળો મેં નોર્થ આંદામાનના નકશામાં જોયા છે – અને તે પણ એક બ્લેકબોર્ડની સાઈઝના નકશામાં !'' ''શું ?'' મારા મોંમાંથી ઉદ્ગાર નીકળી ગયો. સુજલનું વિચિત્ર વ્યકિત્વ મારા દિમાગમાં અનેક ગૂંચવણો પેદા કરતું હતું. એક વિચાર એવો પણ આવ્યો કે એની પાસે કોઈ ગુપ્ત ખજાનાનો નકશો હશે – પરંતુ એવો નકશો કંઈ બ્લેકબોર્ડ સાઈઝનો થોડો હોય ? ટેકરી પર ચડી હું મારી થેલી લઈને પાછો હોડીમાં આવ્યો. અને સુજલના દિશાનિર્દેશ પ્રમાણે પેલા બોટની શોધમાં અમે નીકળી પડયા. મેં જોયું કે જે રીતે હું થોડી થોડી વારે હલેસું બંને બાજુએ ફેરવી હોડીને આગળ ધપાવતો તેનું સુજલ બારિકાઈથી નિરીક્ષણ કરી રહ્યો હતો. ''તમને હોડી હંકારતા સાઢં આવડે છે,'' પાંચેક મિનિટ બાદ એ બોલ્યો, ''મારે તમારી પાસેથી આ કલા શીખી લેવી પડશે. ખેર, અત્યારે તો આપણે ખાસ દૂર જવાનું નથી, પણ કાલે સવારે માયાબંદર જવા નીકળીશું ત્યારે હલેસા મારવાનું કામ આપણે વારાફરતી કરી શકીશું.'' અત્યારની કઠિન પરિસ્થિતિમાં જે બેફિકરાઈથી માયાબંદર જવાની વાત કરતો હતો તે વિસ્મય પમાડનારી હતી. હકીકતમાં હજુ તો તેણે જણાવેલ બેટનું પણ કશું ઠેકાણું નહોતું.

મને હવે આ જણ અર્ધો પાગલ દીસતો હતો. તેમ છતાં તેના શબ્દોમાં જે સચ્ચાઈનો રણકો હતો તેનાથી હું પ્રભાવિત થયા વિના ના રહી શકયો. વળી જે ખૂબીથી તેણે હોડીને ખડકનીચેથી સહીસલામત બહાર કાઢેલી તે માટે તેની ઉપર આસ્થા રાખવા માટે પૂરતું હતું.

# રસ્તો કાઢયો

મારા ગાંધીબાપુ
ઉમાશંકર જોશી
સંપા. મહેન્દ્ર મેઘાણી

દક્ષિણ આફ્રિકાથી હિંદ પાછા ફર્યા પછી પોતાના થોડાક સાથીઓ સાથે એકવાર ગાંધીજી ગાડીમાં મુસાફરી કરી રહ્યા હતા. અલબત્ત, સૌ ત્રીજા વર્ગના ડબામાં હતાં. જાજરૂ અસ્વચ્છ જોઈને એ સાફ કરવાનો ગાંધીજીએ સાથીઓ આગળ પ્રસ્તાવ મૂકયો.

પણ પાણીની ટાંકી ખાલી હતી. મંડળી પાસે એક લોટો પાણી ભરેલો હતો એ જ.

ગાંધીજીએ રસ્તો કાઢયો. એક છાપુ લીધું. બોલ્યા : ચાલો, આ છાપાની મદદથી પાણીના માત્ર એક લોટા વડે આખું જાજરૂ કેમ સ્વચ્છ થઈ શકે છે એ બતાવું.

અને પછી પોતાની હાથે જાજરૂ બધી ગંદકી સાફ કરી સ્વચ્છતા–કાર્યનો એક પદાર્થપાઠ સાથીઓને આપ્યો.

# વાઈ

સૌનું આરોગ્ય
:: લેખક ::
વૈધ પ્રદિપ આસ્તિક
૮૦ દર્દી પરના સરળ તેમજ સચોટ ૨૯૦ પ્રયોગોનો સંગ્રહ

**કારણ :** માનસિક દુર્બળતાથી, મગજ પર ઈજા થવાથી, શરીરની સપ્તધાતુઓ ક્ષીણ થવાથી, ભય, ચિંતા, કે શોકમગ્ન રેહવાથી, કબજિયાતથી, તેમજ વાયુનો પ્રકોપ કરે તેવા આહાર–વિહારથી વાઈનું દર્દ થાય છે.

૧. રોજ સવારે પાંચ તોલા તાજું ગોમૂત્ર, છ મહિના પીવાથી વાઈનું દર્દ મટે છે.

૨. ઘોડાવજનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, તેમાં જોઈએ તેટલું મધ મેળવી ચણીબોર જેવડી ગોળીઓ બનાવી લેવી. આ ગોળી સવાર–સાંજ, ત્રણ ત્રણ પાણી સાથે લેવાથી વાઈના દર્દમાં ફાયદો થાય છે.

૩. શેકેલી હિંગ ગ્રામ વીસ, વજ ગ્રામ વીસ, જટામાસી ગ્રામ વીસ, સંચળ ગ્રામ વીસ, વાવડિંગ ગ્રામ વીસ, અને કઠ ગ્રામ ચાલીસ ગાંધીની દુકાનેથી લાવી, આ બધાં ઔષધોને એકસાથે ખાંડી, વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી લેવું. પછી વાઈના દર્દીએ નિયમિત આ ચૂર્ણ દિવસમાં ત્રણ વખત, બે–બે ગ્રામની માત્રામાં સહેજ નવશેકા પાણી સાથે લેવું. આથી વાઈ–હિસ્ટેરિયાનું દર્દ મટે છે.

**(૬૯) વાંઝિયાપણું**

**કારણ :** સ્ત્રીઓના માસિકના દોષોથી, ગર્ભાશયના દોષોથી તેમ જ પુઢષોને વીર્યના દોષોથી વંધ્યત્વની સ્થિતિ સર્જાયછે. વંધ્યત્વ એ એક જટિલ સમસ્યા છે. કારણ કે નિઃસંતાન દંપતીમાંથી સ્ત્રી કે પુઢષના કોના અને ક્યા દોષના લીધે વંધ્યત્વની સ્થિતિ રહીછે, તે સૌપ્રથમ નક્કી કરવું જોઈએ. ત્યારબાદ જ ઔષધયોજના વિષે વિચારી શકાય. છતાં વંધ્યત્વની સ્થિતિ રહેવાના સ્ત્રી કે પુઢષનાં દરેક કારણો અને દોષોને દૂર કરતા એક ઔષધ ફલધૃતની બનાવટ તેમ જ તેના સેવન વિષે અહીં વિગતથી માહિતી આપું છું.


ફલઘૂતના સેવનથી સ્ત્રીના તમામ ગર્ભાશયગત રોગો તેમ જ પુઢષના તમામ ધાતુગત દોષો દૂર થતા હોઈ નિઃસંતાન દંપતીઓ માટેનું ફલઘૂત એ રામબાણ ઔષધ છે. આ ઔષધ ઘરે જ વૈદ્યની દેખરેખ નીચે બનાવી તેનું દસ–બાર માસ સેવન કરવાથી અવશ્ય વંધ્યત્વની સ્થિતિ દૂર થાય છે.

ફલધૂતની બનાવટ : જેઠીમધ, હરડે, બહેડાં, આંબળાં, કઠ, હળદર, દારૂહળદર, કડું, વાવડિંગ, પીપર, નાગરમોથ, ઈન્દ્રવરણાનાં મૂળ, કાયફળ, કાકોલી, ક્ષીરકાકોલી, મેદા, મહામેદા, વજ, સફેદ અનંતમૂળ, કાળા અનંતમૂળ, ઘઉંલાનાં ફૂલ, વરિયાળી, શેકેલી હિંગ, રાસ્ના, સફેદ ચંદન, રતાંજલી, ચમેલીનાં ફૂલ, કમળનાં ફૂલ, વાંસકપૂર, સાકર, અજમોદ અને દંતીમૂળ ઉપરનાં દરેક ઔષધો દસ–દસ ગ્રામ લઈ, ખાંડીને તેનું વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી, તેને પાણીમાં લસોટી લેવું. આ ચટણી જેવા કલ્કમાંબમણા વજનનું ગાયનું ઘી મેળવવું. ઘીથી ચારગણું ગાયનું દૂધ લેવું અને દૂધ જેટલું જ પાણી મેળવી અડાયા છાણાનો અગ્નિ આપી પુષ્ય નક્ષત્રમાં પકાવવું. જયારે માત્ર ઘી બાકી રહે ત્યારે અગ્નિ પરથી નીચે ઉતારી ગાળી, ઠંડુ થયે કાચની બરણીમાં ભરી લેવું. આ રીતે નિઃસંતાન દંપતીઓએ વાંઝિયામહેણું ભાંગતું સર્વશ્રેષ્ઠ તેમ જ સચોટ ઔષધ ઘરે બનાવી, દસથી વીસ ગ્રામ જેટલું આ ઔષધ સવારે તથા સાંજે લેવું. ઉપર દૂધ પીવું. પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરતા આ ફલઘૂતનું સેવન એક વર્ષ સુધી કરવાથી ચોક્કસ વાંઝિયામહેણું દૂર થઈ પુત્રરત્ન પ્રાપ્ત થાય છે.

# આ મારું ચિત્ર છે




હેલૈયા માનસી એમ.
(ધોરણ–૭, અંટાળિયા પ્રા.શાળા)



ગોહિલ શિવમ
(ધોરણ – ૪/એ, શ્રી રૂપાયતન પ્રા.શાળા)



દાફડા જાનવી જયંતિભાઈ
(ધો.૭, શ્રી રૂપાયતન પ્રા. શાળા)



શિયાળ માહી કમલેશભાઈ
(ધો.૫, શ્રી પાણિયા પ્રા.શાળા અમરેલી)

# રાજુલાનાં કાગધામ મજાદરમાં પૂ. સોનલમાંનાં ૧૦૧ માં જન્મોત્સવની આસ્થાભેર ઉજવણી

રાજુલા, તા. ૩


રાજુલા તાલુકાના કાગધામ મજાદર ગામે સોનલમાનો ૧૦૧ મો જન્મ ઉત્સવ સોનબાઈ માના મંદિરના પટાંગણમાં રાખવામાં આવ્યો હતો જેમાં પ્રાગટ્ય આઈ શ્રી મીણબાઈ મામા તથા આઈ શ્રી અનુમા ગુંદરણ પીપાવાવના મહંત મહેશબાપુ તથા જયવિરનાથ બાપુ ઠવી તથા ઈશુદાન ગઢવીના હસ્તે દીપ પ્રાગટ્ય કરી ડાયરાને ખુલ્લો મુકવામાં આવ્યો હતો આ પ્રસંગે ઈશુદાન ગઢવી દ્વારા પ્રસંગને અનુરૂપ સોનલ માનુ મર્મ સમજાવ્યો હતો સાહિત્યમાં વાતો કરી હતી તેમજ ઈશુદાન ગઢવી દ્વારા કવિ કાગબાપુ સાહિત્ય લીમડા નીચે બેઠી લખતા તે સ્થળ લગતા તે સ્થળ અને લીમડો તથા દેશી મકાન મકાનની અંદર ભરતકામ તે તમામ નિહાળી રાજીપો વ્યક્ત કર્યો હતો આ પ્રસંગે સોનલ સેવા શક્તિ યુવા ગ્રુપ મજાદર કાગધામ ખાતે પધારેલા મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું અને તમામ કલાકારો સોનલબીજના હિસાબે કોઈ પણ જાતના કલાકારો દ્વારા પૈસા પણ લેવામાં આવ્યા હતા નહીં ત્યારબાદ ડાયરાની જમાવટ બીજ રાજદાન ગઢવી તથા સેજલબેન સારણ તથા બાવકુદાન ગઢવી તથા નૂરૂદાન ગઢવી જમાવટ કરી હતી આ પ્રસંગે મુખ્ય મહેમાન એવા ઈશુદાન ભાઈ ગઢવી





કાતર દરબાર દાદ બાપુ તથા બાપ ભાઈ કાગ પીઆઈ દિલજીત ગઢવી તથા પીઆઈ આર.એસ રતન તથા પીઆઈ વી આર ભાઈ પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેર તથા બાપ ભાઈ કાગ તથા લાલભાઈ આહીર તથા મનહરભાઈ બારીયા તથા રાજુલા તાલુકા ચારણ સમાજના પ્રમુખ રમેશભાઈ ગઢવી તથા સાગરભાઈ ડાભીયા તથા પ્રતાપભાઈ સતડીયા શિવ ગ્રુપના અશ્વિનભાઈ વડ ભરતભાઈ કાતર મંત્રી શહીત ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમને સફળ બનાવવા સોનલ યુવા ગ્રુપના સુરેશભાઈ તથા આલાભાઈ અરડુ તથા તથા બાબુભાઈ તથા કેશાભાઈ તથા નેહા ભાઈ પરિવાર અને સોનલ સેવા શક્તિ યુવા ગ્રુપ મજાદર દ્વારા ભારે જમાવટ કરી હતી.

# ૪ જાન્યુઆરી, ''વિશ્વ બ્રેઇલ દિવસ'' અંધજનોની આંખોને 'બ્રેઇલ' થકી મળી પાંખો



અમરેલી, તા. ૩

લૂઈસ બ્રેઈલ નામના વ્યકિત દ્વારા શોધાયેલ 'બ્રેઈલ' એક લિપિ છે જેનો ઉપયોગ કરીને અંધ અને ઓછી દ્રષ્ટિ ધરાવતા લોકો વાંચી અને લખી શકે છે અને પછી તેને કોઈ પણ ભાષામાં બોલી શકે છે. બ્રેઈલ લિપીમાં એક કાગળ ઉપર ઉપસાવેલા ડોટ છે. જેને અંધલોકો પોતાની આંગળીના સ્પર્શ દ્વારા વાંચે છે. બિલ્ડિંગની લિફટ અને બેંકોના મશીનની સ્વીચમાં પણ બ્રેઈલ લિપીનો ઉપયોગ થાય છે.

બ્રેઈલના શોધક લૂઈસ બ્રેઈલનો જન્મ ૪ જાન્યુઆરીનાં રોજ ફ્રાન્સમાં થયો હતો. તે ફ્રાન્સનાં શિક્ષણશાસ્ત્રી અને સંશોધક હતા. નાનપણમાં જ અકસ્માતનાં કારણે આંખો ગુમાવવાથી તેમને અંધજનોની તકલીફો સમજાઈ અને એ દિશામાં કશુંક કરવાનો નિશ્ચય કર્યો. ૧૮૨૯ માં જયારે તે ફકત ૨૦ વર્ષનાં હતા એ સમયે તેમણે પ્રથમ 'બ્રેઈલ' બુક પ્રકાશિત કરી હતી. એ પછી પણ તેમનો મોટા ભાગનો સમય બ્રેઈલને સુધારીને વધુમાં વધુ સરળ બનાવવા માટે જ ગયો હતો. તેમનાં મૃત્યુ પછી પણ આ લિપિ હજુ લોકોએ સ્વીકારી નહતી, પરંતુ ભાવી પેઢીઓને સમય જતા સમજાય ગયું હતું કે તેમની ખોજ કેટલી ક્રાંતિકારી હતી.

સામાન્ય વ્યકિત પોતાની આંખોથી દુનિયા જોઈ શકે છે જયારે અંધજનો માટે એ શકય નથી બનતું. તેમને આસપાસનાં વાતાવરણનો ખ્યાલ આવે તે માટે તેમની પાસે 'વ્હાઈટ કેન' હોય છે પરંતુ જયારે શિક્ષણની વાત આવે, અક્ષરો પારખીને લખવા વાંચવા કે સાક્ષર થવાની વાત આવે ત્યારે શું? અંધજનોને ભણવાનો અધિકાર જ નથી એવું તો નથી, પરંતુ તેમને શિક્ષણ આપવા કરવું પણ શું? એવું શું કરવું કે તે લખી કે વાંચી શકે તો તે માટે લૂઈસ બ્રેઈલે બ્રેઈલ લિપીનું સંશોધન કર્યુ. જેનાં દ્વારા અંધજનો પણ એમની આંગળીનાં ટેરવે રહેલી તેમની આંખોથી શિક્ષણ મેળવીને વિવિધ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે. કેમ કરી સમજાવું કેવો આપણો સંબંધ છે, તું લખે છે બ્રેઈલમાં અને હાથ મારો અંધ છે.

–મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

### અસાધારણ વર્ષ ૨૦૨૫ના ૩૬૭ દિવસ

# આજે પૃથ્વી સૂર્યથી સૌથી નજીકની ખગોળીય ઘટના : વિજ્ઞાન જાથા

## આગામી જુલાઈ ૪ના રોજ સૂર્યથી દૂરની ઘટના બનશે

અમદાવાદ, તા. ૩

દેશભરમાં ભારત જન વિજ્ઞાન જાથાની કચેરી આકાશમાં રોજબરોજ બનતી ખગોળીય ઘટનાથી લોકોને અવગત કરી અવકાશ તરફ નજર કરતા થાય તેનું અભિયાન ચાલી રહ્યું છે. અત્યારે આકાશમાં મધ્યરાત્રિથી લોકો ઉલ્કાવર્ષાનો આનંદ લૂંટી રહ્યા છે ત્યારે આજે તા. ૪ જાન્યુઆરીએ પૃથ્વી સૂર્યથી સૌથી નજીકની ખગોળીય ઘટના બનવાની છે. તેને પેરીહેલીયન કહેવામાં આવે છે. વર્ષમાં બે વાર સૂર્યથી પૃથ્વી નજીક અને દૂરની ઘટના બને છે. લોકો ખગોળ તરફ રૂચિ કેળવવાનો જાથાનો પ્રયત્ન છે.

જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે આજે શનિવારે પૃથ્વી સૂર્યની નજીક પેરીહેલીયન સાંજે ૧૮ કલાક ૫૭ મિનિટે ૦.૯૮૩૩૨૭૫ એ.યુ. લગભગ ૧૪૭૧૦૩૭.૧૯ કિલોમીટરનું અંતર રહેશે. પૃથ્વી સૂર્યથી દૂર એફેલિયન જુલાઈ તા. ૪ના ૧ કલાક ૧૮ મિનિટે ૧.૦૧૬૬૪૩૭ એ.યુ. લગભગ ૧૫૨૦૮૭૭૩૨.૭૭ કિલોમીટર સૂર્યથી દૂર પૃથ્વી હશે. નજીક કે દૂરનો ફેરફાર લગભગ ૩ ટકા જેટલો જ હોય છે.

વધુમાં જયંત પંડયા જણાવે છે કે આ વર્ષ ૨૦૨૫ને અસાધારણ વર્ષ કહેવામાં આવે છે. વર્ષ ૨૦૨૫માં આ સમય લગભગ ૩૬૭ દિવસ અને ૧૨ કલાક ૫૩ મિનિટનો સમયગાળો રહેવાનો છે. અત્યારે આકાશમાં લોકો કવોડરેન્ટીડસ ઉલ્કાવર્ષાનો નજારો નિહાળી રહ્યા છે. ૧૨ જાન્યુઆરી સુધીના સમયગાળામાં બે દિવસ ઉલ્કાવર્ષા નિહાળી લોકો રોમાંચિત થયા હતા. આપણી પૃથ્વી વર્ષમાં એક વખત સૂર્યની તદ્દન નજીક રહીને પરિક્રમણ કરે છે. જેને પેરિહેલીયન એવું ખગોળીય નામ આપવામાં આવ્યું છે. ગ્રીક ભાષામાં પેરીનો અર્થ નજીક અને હેલીયોસનો અર્થ સૂર્ય થાય છે. એટલે કે સૂર્યનું તદ્દન નજીક હોવું. જો કે આ સમયગાળામાં આપણા ભારત સહિતના ઉત્તર ગોળાર્ધના દેશોમાં ઠંડી અને શિયાળાની ઋતુ હોય છે.

જાથાના પંડયા જણાવે છે કે ભારત સહિતના ઉત્તર ગોળાર્ધના દેશોમાં ઠંડી અને શિયાળાની ઋતુ હોય છે. પૃથ્વીની અક્ષ નમેલી છે આથી સૂર્ય પૃથ્વીથી સૌથી નજીક હોવા છતાં ભારત પર સૂર્યના કિરણો હાલ સીધા પડતા નથી એટલે ઠંડી લાગે છે. ઉત્તર ગોળાર્ધમાં અને ભારત જયાં છે તે કર્કવૃતમાં સૂર્યના કિરણો દૂર રહે છે. ઋતુઓનું કારણ પણ પૃથ્વી ઝુકેલી ફરે છે. નહીં કે સૂર્યની તદ્દન નજીકથી પૃથ્વી પસાર થતી હોવા છતાં ભારતમાં તો શિયાળાની ઠંડી રહે છે. અંતમાં, પૃથ્વી સૂર્યથી સરેરાશ ૧૫ મિલિયન કિલોમીટરના અંતરે પરિભ્રમણ કરે છે પરંતુ આજે સૂર્યની નજીક પૃથ્વીનું અંતર રહેવાનું છે.

### અમદાવાદ ખાતે ક્રેડાયની આગેવાનીમાં

# અમરેલીના બિલ્ડર એસોસીએશનનાં પ્રતિનિધિઓએ મુખ્યમંત્રીને જંત્રીનાં નવા દર અંગે રજુઆત કરી

## મુખ્યમંત્રીએ બિલ્ડરોને યોગ્ય કરવા ખાત્રી આપી

અમરેલી, તા. ૩

આજ રોજ તા ૩/૧/૨૦૨૫ નાં રોજ ગુજરાત ક્રેડાય અમદાવાદ મુકામે જંત્રી બાબતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા કાયદા મંત્રી હર્ષભાઈ સંઘવી તથા અમદાવાદના મેયરી તથા ક્રેડાયના પરેશભાઈ ગજેરા, અમિતભાઈ પટેલ તથા દશરથભાઈ પટેલ તેમજ ગુજરાત ભરમાંથી પધારેલ બિલ્ડર્સ અશોશિયનના પદાધિકારીઓ તથા સમગ્ર ક્રેડાય ગ્રુપમાં અમરેલી બિલ્ડર અસોસિએશન પ્રમુખ ચંદુભાઈ વોરા તથા દીપકભાઈ મહેતા, જયસુખભાઈ દેવાણી, સંજયભાઈ વાગડીયા હિંમતભાઈ સોળીયા જોડાયા તેમાં મુખ્યમંત્રી એ જંત્રી ની વિસંગતતા બાબતમાં અમરેલીમાંથી પડતી મુશ્કેલી બાબતમાં યોગ્ય કરવા માટે રૂબરૂમાં રજૂઆત કરેલ અને લેખિતમાં જંત્રી બાબત તથા અન્ય મુદ્દાઓ માં પડતી મુશ્કેલીમાં





યોગ્ય નિર્ણય માટે મુખ્યમંત્રીને તેમજ ક્રેડાય ગ્રુપને લેખિતમાં આપેલ છે અને તેમાં લાગણી વ્યકત કરતા મુખ્યમંત્રીએ જંત્રીમાં પડતી મુશ્કેલી નાં વાંધા સૂચનો આવકાર્ય છે તેવું જણાવેલ છે.

# સાવરકુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં ''વાલી સંમેલન'' યોજાયું



સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલા શહેરમા આવેલ એસ.વી.દોશી ગર્લ્સ હાઈસ્કૂલ અને એ.કે.ઘેલાણી ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલમાં તારીખ ૨/૧/૨૫ ના રોજ વાલી સંમેલન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને વિદ્યાર્થીનીઓના ગીત દ્વારા કરવામાં આવી હતી. અને પધારેલ મહેમાનો અને વાલીઓનું શબ્દોથી સ્વાગત શાળાના સુપરવાઈઝર નીતાબેન ત્રિવેદીએ કરેલ અને માર્ગદર્શન આપેલ ત્યારબાદ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીની બહેનોને પરીક્ષા લક્ષી માર્ગદર્શન આપવા માટે શાળાના શિક્ષક ભરતભાઈ બાવળીયા અને મેહુલભાઈ મહેતા દ્વારા આપવામાં આવ્યું હતું. તેમજ વિદ્યાર્થીનિ પ્રતિભાવ ધોરણ ૧૦ની વિદ્યાર્થીની લશ્કરી અંજલી અને ધોરણ ૧૨ની વિદ્યાર્થીની કુબાવત માહી દ્વારા પોતાના પ્રતિભાવો રજૂ કરવામાં આવ્યા હતા. તેમજ વાલી વિસાણી સારંગભાઈએ પોતાના પ્રતિભાવો રજૂ કરેલા હતા. વિદ્યાર્થીઓને વિશેષ માર્ગદર્શન માટે શાળાના આચાર્યા ઉષાબેન તેરૈયાએ શાળાની સિદ્ધિઓ અને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડેલ હતું અને કાર્યક્રમના અંતમાં આભાર વિધિ ધૃતિબેન મહેતાએ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન હિતેશભાઈ ઢાપા તેમજ શાળાના આચાર્યા ઉષાબેન તેરૈયા, સુપરવાઈઝર નીતાબેન ત્રિવેદી તથા તમામ શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમા અલગ– અલગ હોસ્ટેલના ગૃહપતિઓ અને મોટા પ્રમાણમાં વાલીઓ હાજર રહ્યા હતા એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

### સત્તાધારી પક્ષનાં આગેવાનોએ જ કરી રજુઆત

# તોબા તોબા : ચલાલા, ધારી, હુડલી, નેસડી સહિતના માર્ગો બન્યા બિસ્માર

## મોડેલ રાજયમાં માર્ગોની હાલત દયનીય

ચલાલા, તા. ૩

ચલાલાની આજુબાજુના વિસ્તારના ગામોને જોડતા રસ્તાઓ જેવા કે ચલાલાથી ધારી, હુડલી ઝર ઝરપરા, નેસડી, હાલરિયાના રસ્તાઓની હાલત સુધારવા ભાજપ અગ્રણી દ્વારા કાર્યપાલક ઈજનેર (જિલ્લા પંચાયત)ને રજુઆત કરવામાં આવેલ છે. વધુમાં જણાવવાનું કે આજુબાજુના ગામડાઓને જોડતા ઉપકરોત ગામોના રસ્તાઓની હાલત અતિખરાબ થવા પામેલ જેનાથી લોકો ત્રાહીમામ પોકારી ગયા છે આ બધાં ગામો ચલાલા સાથે વેવારિક ને વેપારીક રીતે પણ જોડાયેલા છે ઉપરાંત બીમારી સબબ કે અન્ય ઈમરજન્સી વેળાએ ચલાલા આવવા જવા માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે તેવી લોક ફરિયાદો ઉભી થવા પામેલ છે આ અંગે અગાઉ પણ રજુઆત કરી રહ્યા છીએ પણ તંત્રની બેદરકારીના ભોગે ગ્રામ્ય વિસ્તારના લોકો એનો ભોગ બની રહ્યા છે આવા સમયે અધિકારીઓએ લોકહિતને ધ્યાનમાં રાખી બિન રાજકીય રીતે ફરજ બજાવવી જોઈએ જેથી રસ્તાની ખરાબ ના કારણે કોઈ મોટો અકસ્માત કે જાનહાની થાય ત્યાર પહેલા આરબી વિભાગ સ્થળ પ્રત તપાસ થાય અને વૈકલ્પિક ધોરણે રસ્તાઓની ખરાબી સુધારવા કચેરી દ્વારા ઘટિત કાર્યવાહી થાય નહિતર જે તે અધિકારીની જવાબદારી રહેશે તેમ અગ્રણી બિચ્છુભાઈ માલા દ્વારા જણાવવામાં આવેલ છે.

### આર્થિક સંકડામણનાં કારણે ઝેર પી લીધુ

# અમરેલીનાં તરવડા ગામનાં ૪૩ વર્ષિય પ્રૌઢે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

## ફાઈવ ટ્રીલીયન ઈકોનોમીનાં ગાણા વચ્ચેની વાસ્તકિતા

અમરેલી, તા. ૩

અમરેલી તાલુકાના તરવડા ગામે રહેતા અતુલભાઈ ભનુભાઈ ચામડીયા નામના ૪૩ વર્ષિય પ્રૌઢે આર્થિક સકડામણના કારણે તા. ૨ ના રોજ રાત્રે સાડાબાર પહેલા કોઈપણ સમયે પોતાની જાતેથી ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું ભાજપનાં ચક્રવ્યુહમાં ફસાયેલ પાયલ

બચાવની સ્થિતિમાં આવી ગયા હતા.

વિપક્ષી નેતાઓ પ્રતાપ દુધાત, પરેશ ધાનાણી, અમિત ચાવડા, મહિલા કોંગ્રેસનાં પ્રમુખ જેનીબેન સહિતનાં આગેવાનો ઉપરાંત પાટીદાર, ક્ષત્રિય સહિતનાં સમાજનાં આગેવાનો પણ રોષે ભરાયા અને મામલો એટલો ગંભીર બન્યો કે ગઈકાલે ખોડલધામનાં આગેવાનો પણ અમરેલી દોડી આવ્યા અને પાયલને આરોપીને બદલે સાક્ષી બનાવવાની ગતિવિધિ તેજ બની અને તપાસનીશ અધિકારી અને ફરિયાદીએ ચીફ કોર્ટમાં સોગંદનામું રજૂ કરીને ભૂલ સ્વીકારી પણ આવતીકાલે ચીફ કોર્ટમાં સુનાવણી આ બાબતે આવતીકાલે થવાની હોય તે પહેલા જ આજે સેશન્સ કોર્ટમાં જામીન અરજી સુનાવણી પૂર્ણ થતાં પાયલને આજે જામીન પર મુકત કરવામાં આવતાં તુરત જ જેલનાં સળીયા પાછળ ધકેલાઈ ગયેલ યુવતી આજે જેલમાંથી બહાર આવી. ત્યારે લાગણીસભર દ્રશ્યો જોવા મળ્યા હતા અને પરિવારજનો તેમજ પાયલને ન્યાય અપાવવા લડત ચલાવનાર સૌ કોઈ ખૂશીથી ઝુંમી ઉઠયા હતા.

## અવસાન નોંધ

**વીજપડી :** મર્હુમ દોલુભાઈ કાસમભાઈ મકવાણા ગામ થોરડી તા. સાવરકુંડલા આજે તા. ૩/૧/૨૦૨૫ નાં રોજ અલ્લાહની રહેમતમાં પહોંચી ગયેલ છે. મર્હુમની જીયારત તા. ૫/૧/૨૦૨૫ને રવિવારનાં રોજ સવારે ૧૦ કલાકે ગામ થોરડી મુકામે રાખેલ છે. તેઓ મુન્નાભાઈ તથા સલીમભાઈનાં વાલીદ થાય, હુસેનભાઈ રાજુલાવાળ તેમજ અબ્દુલભાઈનાં મોટા ભાઈ થાય, હારૂનભાઈ એસ.ટી. ડ્રાઈવર તેમજ મેહબુબભાઈ મકવાણાનાં કાકા થાય છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૯૧ | ૧૪૬૬ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૦ | ૧૫૧૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૪૦૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૬૨ | ૧૧૪૮ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૫૨ | ૧૦૮૮ |
| ૫ | અડદ | ૧૧૭૦ | ૧૨૮૦ |
| ૬ | ઘઉં | ૫૪૯ | ૬૧૧ |
| ૭ | તુવેર | ૧૨૧૦ | ૧૩૯૦ |
| ૮ | જીરૂ | ૩૯૯૦ | ૪૪૦૦ |
| ૯ | સોયાબીન | ૭૭૨ | ૭૮૮ |
| ૧૦ | ચણા | ૧૧૫૦ | ૧૨૩૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૪ | ૧૪૨૫ |
| ૨ | મગફળી | ૮૩૫ | ૧૦૬૧ |
| ૩ | ઘઉં | ૫૦૬ | ૫૮૪ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૧૮૧ |
| ૫ | અડદ | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ૬ | તલ સફેદ | ૨૨૪૫ | ૨૨૪૫ |
| ૭ | સોયાબીન | ૭૦૦ | ૭૭૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૩૫ | ૧૧૦૦ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૩ | શિંગ મોટી | ૮૨૫ | ૧૧૭૯ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૯૯ | ૧૨૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૪૭૦ | ૨૫૧૧ |
| ૬ | તલ કાળા | ૩૩૦૦ | ૪૮૫૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૮૦૦ | ૩૧૦૦ |
| ૮ | બાજરો | ૩૦૬ | ૬૫૬ |
| ૯ | જુવાર | ૭૬૬ | ૯૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૨૬ | ૬૮૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૧ | ૬૨૦ |
| ૧૨ | અડદ | ૯૩૦ | ૧૬૨૫ |
| ૧૩ | ચણા | ૯૬૨ | ૧૨૮૦ |
| ૧૪ | તુવેર | ૮૫૦ | ૧૬૦૮ |
| ૧૫ | કપાસ | ૮૯૦ | ૧૪૯૪ |
| ૧૬ | એરંડા | ૧૧૮૧ | ૧૧૯૧ |
| ૧૭ | જીરૂ | ૩૫૦૦ | ૪૫૪૦ |
| ૧૮ | ધાણા | ૧૦૪૦ | ૧૪૧૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૧૫૬ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૭૦ |
| ૩ | તલ સફેદ | ૨૧૫૧ | ૨૩૫૧ |
| ૪ | તલ કાળા | – | ૫૦૨૫ |
| ૫ | જીરૂ | ૪૧૦૦ | ૪૩૫૧ |
| ૬ | કપાસ | ૧૩૩૦ | ૧૪૬૯ |
| ૭ | ઘઉં લોકવન | ૫૧૨ | ૬૩૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૫૧ | ૬૭૦ |
| ૯ | બાજરો | ૫૭૦ | ૬૬૮ |
| ૧૦ | જુવાર | ૬૯૧ | – |
| ૧૧ | મકાઈ | ૫૦૦ | ૬૩૦ |
| ૧૨ | મગ | – | ૧૭૧૫ |
| ૧૩ | અડદ | ૧૧૦૦ | ૧૨૭૧ |
| ૧૪ | ચણા | ૧૧૫૦ | ૧૫૦૦ |
| ૧૫ | નવા ચણા | – | ૧૭૦૧ |
| ૧૬ | તુવેર | ૧૨૫૧ | ૧૪૬૧ |
| ૧૭ | એરંડી | ૧૦૦૦ | ૧૧૪૬ |
| ૧૮ | ધાણા | ૧૪૦૦ | ૧૪૨૨ |
| ૧૯ | સોયાબીન | ૬૫૦ | ૭૮૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૯૫ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૯૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૬૧ | ૬૧૯ |
| ૪ | એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૫ | સોયાબીન | ૫૧૦ | ૭૮૯ |
| ૬ | મગફળી | ૫૪૦ | ૯૬૫ |
| ૭ | ચણા | ૧૦૮૦ | ૧૨૦૦ |
| ૮ | તલ સફેદ | ૧૭૨૫ | ૨૦૨૫ |
| ૯ | ધાણા | ૧૦૬૦ | ૧૪૫૦ |
| ૧૦ | અડદ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૧૨ | જુવાર | ૪૦૦ | ૮૫૫ |
| ૧૩ | મકાઈ | ૫૦૧ | ૫૦૧ |
| ૧૪ | ચણા સફેદ | ૧૧૫૦ | ૧૧૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૫૦ | ૧૨૦૧ |
| ૨ | તલ સફેદ | ૨૨૫૦ | ૨૪૫૦ |
| ૩ | કપાસ | ૧૨૮૦ | ૧૪૭૦ |
| ૪ | બાજરો | ૪૬૫ | ૬૩૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૭૫ | ૬૯૨ |
| ૬ | જુવાર | ૫૦૦ | ૯૦૦ |
| ૭ | મકાઈ | ૪૫૧ | ૪૫૧ |
| ૮ | મગ | ૧૬૦૧ | ૧૮૫૦ |
| ૯ | અડદ | ૯૦૦ | ૧૯૦૧ |
| ૧૦ | તુવેર | ૧૪૫૧ | ૧૪૫૧ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | જીરૂ | ૪૦૦૦ | ૪૧૦૦ |
| ૧૩ | એરંડી | ૯૫૪ | ૧૧૮૦ |
| ૧૪ | સોયાબીન | ૭૫૦ | ૭૫૦ |

### વિજય રૂપાણીને ભાજપે સોંપી મોટી જવાબદારી

# રૂપાણીને રાજસ્થાન ભાજપના ચૂંટણી અધિકારી બનાવાયા

## આ પહેલા ગુજરાતના પૂર્વ મુખ્યત્રી રૂપાણીને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ચૂંટવા માટે ઓબ્ઝર્વર બનાવાયા હતા

નવી દિલ્હી, તા. ૩

હરિયાણાથી લઈને યુપી સુધી ભાજપ ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત છે. આ અંગે બેઠકોનો દોર ચાલી રહ્યો છે. ભાજપે ૨જી જાન્યુઆરીની રાત્રે મોટી જાહેરાત કરી હતી. ભાજપે પ્રદેશ પ્રમુખો અને રાષ્ટ્રીય પરિષદના સભ્યોની ચૂંટણી માટે ચૂંટણી અધિકારીઓની જાહેરાત કરી હતી. આ અધિકારીઓમાં લગભગ તમામ મોટા દિગ્ગજ નેતાઓનો સમાવેશ થાય છે.

ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખની નિમણૂકને લઈ કવાયત તેજ થઈ ગઈ છે. ભૂપેન્દ્ર યાદવની ચૂંટણી અધિકાર તરીકે નિમણૂક કરવામાં આવી છે. ભૂપેન્દ્ર યાદવ નેતાઓ, કાર્યકર્તાઓ સાથે વાત કરીને પ્રદેશ પ્રમુખના નામ મોવડી મંડળને સોંપશે.

જયારે ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીને રાજસ્થાન ભાજપના ચૂંટણી અધિકારી બનાવાયા છે. આ પહેલા રૂપાણીને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ચૂંટવા માટે ઓબ્ઝર્વર બનાવાયા હતા.

આ જવાબદારી હરિયાણા માટે અરુણ સિંહને આપવામાં આવી છે, જ્યારે બિહાર માટે મનોહર લાલની પસંદગી કરવામાં આવી છે. જો મધ્યપ્રદેશની વાત કરીએ તો અહીં ચૂંટણી અધિકારી ધર્મેન્દ્ર પ્રધાન હશે. ભાજપે પૂર્વ સાંસદ સંજય ભાટિયાને જમ્મુ-કાશ્મીરના સંગઠન ચૂંટણી અધિકારી બનાવ્યા છે. કેરળ માટે પ્રહલાદ જોશી, લદાખ માટે જયરામ ઠાકુર, લક્ષદ્વીપ માટે પોન રાધાકૃષ્ણન. જ્યોર્જ કુરિયનને મેઘાલય માટે અધિકારી જાહેર કરવામાં આવ્યા છે. એ જ રીતે મિઝોરમ માટે વનાતિ શ્રીનિવાસન, નાગાલેન્ડ માટે વી. મુરલીધરન, ઓડિશા માટે સંજય જયસ્વાલ, પુડુચેરી માટે તરુણ ચુગ, સિક્કિમ માટે કિરણ રિજિજુ, તમિલનાડુ માટે જી. કિશન રેડ્ડી, તેલંગાણા માટે કુમારી શોભા કરંદલાજે અને ત્રિપુરા માટે જુઆલ ઓરામની નિમણૂક કરવામાં આવ્યા છે.

આ મહિને ભાજપ વધુ એક મહત્વનો નિર્ણય લેવા જઈ રહી છે. ભાજપના બંધારણ મુજબ રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી કરતા પહેલા ૫૦ ટકા રાજ્યોમાં સંગઠનની ચૂંટણી થવાની છે. આવી સ્થિતિમાં રાજ્યોના પ્રદેશ અધ્યક્ષોની પણ ૧૫ જાન્યુઆરી સુધીમાં ચૂંટણી થવાની છે. આ પછી રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ભાજપ જાન્યુઆરીમાં ઘણા મહત્વપૂર્ણ કાર્યો કરશે.

### મોદીએ ૪૫૦૦ કરોડના અનેક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો

# હું પણ મારા માટે શીશમહેલ બનાવી શક્તો હતો, પણ મેં લોકો માટે ઘર બનાવ્યા : મોદી

## અશોક વિહારના રામલીલા મેદાનમાં જનસભાને સંબોધતા વડાપ્રધાને જણાવ્યું કે, વર્ષ ૨૦૨૫ ભારતના વિકાસ માટે ઘણી નવી સંભાવનાઓ લઈને આવી રહ્યું છે

નવી દિલ્હી, તા. ૩

દિલ્હીમાં આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૪૫૦૦ કરોડ રૂપિયાના અનેક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. આ દરમિયાન પીએમએ અશોક વિહારમાં બનેલા ૧૬૭૫ ફલેટનું ઉદ્ઘાટન કર્યું. આ દરમિયાન પીએમ મોદીએ આમ આદમી પાર્ટી પર જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે હું પણ શીશ મહેલ બનાવી શક્યો હોત, પરંતુ મેં ૧૦ વર્ષમાં ૪ કરોડ ગરીબોને કાયમી ઘર આપ્યા છે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે વર્ષ ૨૦૨૫માં ભારતની ભૂમિકા વધુ મજબૂત બનશે. ભારતની આંતરરાષ્ટ્રીય છબી વધુ મજબૂત બનશે. દેશ કૃષિ ક્ષેત્રમાં પણ નવા રેકોર્ડ બનાવશે. પીએમે કહ્યું કે હવે અહીંના લોકો ઝૂંપડપટ્ટીના બદલે કાયમી મકાનોમાં રહેશે. અશોક વિહારના રામલીલા મેદાનમાં જનસભાને સંબોધતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૫ ભારતના વિકાસ માટે ઘણી નવી સંભાવનાઓ લઈને આવી રહ્યું છે. વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક શક્તિ બનવા તરફની અમારી યાત્રા આ વર્ષે વેગવંતી બનવા જઈ રહી છે. આજે ભારત અને વિશ્વમાં રાજકીય અને આર્થિક સ્થિરતા છે. ૨૦૨૫માં ભારતની ભૂમિકા વધુ મજબૂત બનશે.ભાડાના મકાનોને બદલે લોકોને પોતાના મકાનો મળી રહ્યા છે. આ ગરીબો માટે આત્મસન્માન અને સ્વાભિમાનનું ઘર છે. જ્યારે દેશ ઈન્દિરા ગાંધી સામે સરમુખત્યારશાહી લડી રહ્યો હતો ત્યારે હું અહીં અશોક વિહારમાં રહેતો હતો. તે સમયે ભૂગર્ભ લડાઈ ચાલી રહી હતી. આજે અહીં આવીને મારી જૂની યાદો તાજી થઈ.

મોદીએ કહ્યું કે નરેલામાં સબ સિટી બનાવવામાં આવશે. જેમની વાર્ષિક આવક રૂ. ૯ લાખથી ઓછી છે તેમને યોજનાઓનો લાભ મળશે. અમારી સરકાર ઘરની માલિકીના સપનાને પૂર્ણ કરવા માટે હોમ લોનમાં છૂટછાટ આપી રહી છે. પીએમ મોદીએ આમ આદમી પાર્ટીની સરકાર પર જોરદાર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે અહીંની સરકારે શાળાના શિક્ષણને નુકસાન પહોંચાડ્યું છે. તેઓ સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ ભારતે આપેલા નાણાંનો અડધો ભાગ પણ શિક્ષણ માટે ખર્ચી શક્યા નથી. દિલ્હીની મોટી વસ્તી આ દુર્ઘટનાનો ભોગ બની છે. આ લોકોએ પ્રદૂષણમાં કૌભાંડ આચર્યું હતું. દારૂનું કૌભાંડ આચરવામાં આવ્યું હતું અને ભરતી કરનારાઓને કૌભાંડનો શિકાર બનાવવામાં આવ્યા હતા. તમે આજે આફત બની ગયા છો.

પીએમએ કહ્યું કે AAP આફત બની ગઈ છે. હવે દિલ્હીની જનતાએ યુદ્ધ શરૂ કર્યું છે. હવે તેને આપત્તિમાંથી બહાર કાઢવા પડશે. દિલ્હીના દરેક બાળકમાંથી, દરેક ગલીમાંથી એક જ અવાજ આવી રહ્યો છે, તેઓ 'આપત્તિ' સહન નહીં કરે, તેઓ તેને બદલશે. મોદીએ વધુમાં કહ્યું કે 'આપત્તિ'ના પાપ એવા છે કે પીએમ સૂર્ય ઘર અને આયુષ્માન જેવી યોજનાઓને લાગુ થવા દેતા નથી. આજે તમારો પુત્ર દિલ્હીની જનતાની સેવા કરશે. આમ આદમી પાર્ટીને 'આપત્તિ' ગણાવતા પીએમએ કહ્યું કે 'આપત્તિ' લોકોનો અહંકાર ઘણો મોટો થઈ ગયો છે. તેઓ ખોટા સોગંદ લઈને શીશ મહેલ બાંધે છે. હવે દિલ્હીના લોકોને આ બધું ત્યારે જ મળશે જયારે 'આપદા' જશે અને ભાજપ આવશે.

આયુષ્માન યોજનાને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતુ કે, હું દિલ્હીના લોકોને મફત સારવારની સુવિધા પૂરી પાડતી આયુષ્માન ભારત યોજનાનો લાભ આપવા માંગુ છું.

આપ સરકારને દિલ્હીના લોકો સાથે ભારે દુશ્મની છે. આયુષ્માન યોજના આખા દેશમાં લાગુ છે, પરંતુ આપના લોકો આ યોજનાને અહીં (દિલ્હી) લાગુ થવા દેતા નથી. જેના કારણે દિલ્હીના લોકોને નુકસાન સહન કરવું પડી રહ્યું છે.

### જયરામ રમેશે ભાજપ પર લગાવ્યા આરોપ

# મોદી સરકાર પાસે દેશના આર્થિક સંકટનો ઉકેલ નથી

## કોંગ્રેસે આરોપ લગાવ્યો કે મોદી સરકારના ખોટા નિર્ણયોના કારણે ગોલ્ડ લોન સંબંધિત એનપીએની સમસ્યા ગંભીર બની ગઈ છે

નવી દિલ્હી, તા.૩

હાલમાં જ એક રિપોર્ટ સામે આવ્યો છે, જેમાં એ વાત સામે આવી છે કે ગોલ્ડ પર લોન લેનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે અને હવે આ લોકો તેમની EMI ચૂકવવામાં પણ અસમર્થ છે. જેને લઈને કોંગ્રેસ ભાજપ સરકાર પર પ્રહાર કરી રહી છે. કોંગ્રેસે આરોપ લગાવ્યો કે મોદી સરકારના ખોટા નિર્ણયોના કારણે દેશમાં ગોલ્ડ લોન સંબંધિત એનપીએની સમસ્યા ગંભીર બની ગઈ છે, જેના કારણે સામાન્ય નાગરિકો તેમનું ગોલ્ડ ગુમાવી રહ્યા છે.

કોંગ્રેસ પાર્ટીના મહાસચિવ જયરામ રમેશે લોકસભા ચૂંટણી સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલા નિવેદનને ટાંકીને આ આરોપ લગાવ્યો હતો. જયરામ રમેશે કહ્યું કે, 'ખોટી પ્રાથમિકતાઓને કારણે આ સરકાર મહિલાઓ પાસેથી મંગળસૂત્ર છીનવનારી એકમાત્ર સરકાર બની છે.' કોંગ્રેસે આરોપ લગાવ્યો કે, 'મોદી સરકાર પાસે દેશમાં ચાલી રહેલા આર્થિક સંકટનો કોઈ ઉકેલ નથી. સરકાર હવે લોકોના મંગળસૂત્રની ચોરી કરી રહી છે. ખોટી પ્રાથમિકતાઓને કારણે આ સરકાર મહિલાઓ પાસેથી મંગળસૂત્ર છીનવનારી એકમાત્ર સરકાર બની છે. એક મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, 'જૂન ૨૦૨૪ સુધીમાં બેંક્રો અને નોન-બેંકિંગ નાણાકીય કંપનીઓની ગોલ્ડ લોન એનપીએ (નોન-પરફોર્મિંગ એસેટ્સ) ૩૦% વધીને રૂ. ૬૬૯૬ કરોડ થઈ ગઈ છે.' કોંગ્રેસે આ અહેવાલને પોતાનું હથિયાર બનાવ્યું છે અને કહ્યું છે કે દેશની સ્થિતિ હાલ ચિંતાજનક છે.

જયરામ રમેશે દાવો કર્યો હતો કે, ભારતીય પરિવારોએ લગભગ ૩ લાખ કરોડ રૂપિયાની ગોલ્ડ લોન લીધી છે, જેમાંથી મોટાભાગની લોન હજુ ચૂકવવાની બાકી છે. આથી કોંગ્રેસનું માનવું છે કે જ્યારે લોકો આવી લોન ચૂકવવામાં અસમર્થ હોય છે, ત્યારે તેઓએ તેમની સોનાની સંપત્તિ ગુમાવવી પડે છે. મોટા ભાગના કિસ્સાઓમાં, મહિલાઓની જ્વેલરી હોય છે, જેમાં મંગળસૂત્રનો પણ સમાવેશ થાય છે. લોકસભા ચૂંટણી દરમિયાન ઉત્તર પ્રદેશના અલીગઢમાં રેલીમાં વડાપ્રધાન મોદીએ એક ચૂંટણી રેલીમાં કહ્યું હતું કે, દેશની સંપત્તિ લૂંટવાને પોતાનો જન્મસિદ્ધ અધિકાર માનતી કોંગ્રેસ હવે મહિલાઓના મંગળસૂત્ર પર નજર કરી રહી છે. કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો લોકોની સંપત્તિ છીનવીને જરૂરિયાતમંદોમાં વહેંચવાની વાત કરે છે. પીએમ મોદીએ કહ્યું કે જો તમારી પાસે બે ઘર છે, જો કોંગ્રેસ સત્તામાં આવશે તો તેમાંથી એક છીનવી લેશે અને જેમની પાસે ઘર નથી તેમને આપી દેશે. ચૂંટણી દરમિયાન પીએમ મોદીએ એવો દાવો પણ કર્યો હતો કે, કોંગ્રેસની નજર હવે અમારી માતાઓ અને બહેનોના સોના પર અને તેમના મંગલસૂત્ર પર છે અને તે કાયદો બદલીને માતા-બહેનોની સંપત્તિ છીનવી લેવાની રમત રમી રહી છે.

### હવામાન વિભાગની આગાહી મુજબ

# ગુજરાતમાં ત્રણ દિવસ બાદ ઠંડીમાં થશે વધારો, અમદાવાદનું તાપમાન રહેશે ૧૫ ડિગ્રી

## રાજ્યમાં આગામી ૫-૬ જાન્યુઆરી દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર નથી

અમરેલી, તા.૩

રાજ્યમાં ભર શિયાળે ગત મહિનામાં કમોસમી વરસાદ પડ્યો હતો. અમદાવાદ સહિતના વિસ્તારોમાં અમુક દિવસથી ઠંડીની ઓછી અસર વર્તાઈ રહી છે, ત્યારે હવામાન વિભાગે રાજ્યમાં ઠંડી અને વાતાવરણને લઈને આગાહી કરી છે. જેમાં આગામી ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ તફાવત ન હોવાની આગાહી કરી છે. આ પછી તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આગામી ૫-૬ જાન્યુઆરી દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર નથી. જેમાં ઠંડીથી આંશિક રાહત થઈ શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાતા ત્રણ દિવસ બાદ તાપમાનમાં ઘટાડો થશે. જેમાં અમદાવાદમાં ૧૫ ડિગ્રીની આસપાસ તાપમાન રહેશે. સિનોપ્ટિક સિચ્યુએશનમાં ઉત્તર પૂર્વથી પૂર્વ દિશાના ફૂંકાયેલા પવનોની અસર ગુજરાતમાં વર્તાશે. જ્યારે આગામી ૧૦ જાન્યુઆરી સુધી કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત સહિત ગુજરાતભરમાં શુષ્ક હવામાનની સંભાવના છે.

### માલદીવના વિદેશ મંત્રી અબ્દુલ્લા ખલીલ ભારત આવ્યા

# ભારત હંમેશા માલદીવની સાથે ઉભું છે : વિદેશ મંત્રી જયશંકર

## દરિયાઈ સુરક્ષા, વેપાર અને રોકાણ સહિતના કેટલાક મુખ્ય ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા પર ચર્ચા

નવી દિલ્હી, તા. ૩

ભારત અને માલદીવના લાંબા સમયના સંબંધની ખટાશ ઓછી થતી નજરે પડી રહી છે. ભારત અને માલદીવે શુક્રવાર (૩ જાન્યુઆરી, ૨૦૨૫)ના રોજ બોર્ડર પાર વ્યાપાર માટે સ્થાનિક મુદ્દાઓના ઉપયોગને પ્રોત્સાહન આપવા પર સહમતિ દર્શાવી છે અને વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું કે, ભારત હંમેશા માલદીવની સાથે ઉભું છે.

જયશંકરે દિલ્હીમાં માલદીવના પોતાના સમકક્ષ અબ્દુલ્લા ખલીલની સાથે બેઠકમાં આ ટિપ્પણી કરી છે. એસ. જયશંકર અને અબ્દુલ્લા ખલીલ વચ્ચે દરિયાઈ સુરક્ષા, વેપાર અને રોકાણ સહિતના કેટલાક મુખ્ય ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાના રસ્તાઓ પર ચર્ચા થઈ છે. માલદીવના વિદેશ મંત્રી અબ્દુલ્લા ખલીલ ત્રણ દિવસોના પ્રવાસે આવ્યા છે. એસ. જયશંકરે કહ્યું કે, 'બોર્ડર પાર લેવડ-દેવડ માટે સ્થાનિક મુદ્દાઓના ઉપયોગને પ્રોત્સાહનની રૂપરેખા પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. અમે અલગ અલગ ક્ષેત્રોમાં પોતાની ભાગીદારી વધારી છે અને હું કહેવા માગુ છું કે ભારત હંમેશા માલદીવની સાથે ઉભું રહ્યું છે. તમે અમારી નેબરહુડ(પાડોશી) ફર્સ્ટની નીતિમાં ખુબ મહત્ત્વ રાખો છો.'

માલદીવના વિદેશ મંત્રી ડૉ. ખલીલે પોતાના તરફથી ભારત દ્વારા જરૂરિયાતના સમયે માલદીવને આપવામાં આવેલી ઈમરજન્સી નાણાકીય સહાયના વખાણ કર્યા જે માલદીવના પ્રથમ પ્રાથમિકતા આપનાર તરીકે ભારતની ભૂમિકાને દર્શાવે છે. માલદીવે ભારતનો આભાર માન્યો. ભારત-માલદીવ વ્યાપક આર્થિક અને દરિયાઈ સુરક્ષાની ભાગીદારી માટે સંયુક્ત દૃષ્ટિકોણને સાકાર કરવામાં ભારત સરકારની સાથે મળીને કામ કરવા માટે રાષ્ટ્રપતિ ડૉ. મુઈજ્જૂ અને માલદીવ સરકારની દૃઢ પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી.

### OPRSનો વધુ ઉપયોગ કરી વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી

# ઓનલાઈન ટિકિટ બુકિંગમાં ગુજરાત એસ.ટી નિગમ દેશમાં પ્રથમ ક્રમાંક પર

## છેલ્લા બે વર્ષમાં ૪ કરોડથી વધુ મુસાફરોએ ઓનલાઇન ટિકિટો બૂક કરીને નિગમને ૧,૦૩૬ કરોડથી વધુની આવક કરાવી

ગાંધીનગર, તા. ૩

સમય – ટેકનોલોજીની સાથે ગતિ કરવી એ ગુજરાતના નાગરીકોનો સ્વભાવ રહ્યો છે, સમગ્ર ભારતના તમામ રાજ્યોના નિગમોમાં ગુજરાત એસ.ટી નિગમે ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ – OPRSનો સૌથી વધુ ઉપયોગ કરી વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી છે, સમગ્ર ભારતમાં દૈનિક ૭૫ હજારથી વધુ ઓનલાઈન ટિકિટ બુકિંગ સાથે ગુજરાત એસ.ટી નિગમ પ્રથમ ક્રમે છે. ગુજરાતના નાગરિકોને સ્વચ્છ, સલામત અને સમયસર મુસાફરીની સુવિધા મળી રહે તેવા ઉદેશ્ય સાથે વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ-૨૦૧૦થી ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમની શરૂઆત કરાવવામાં આવી હતી. ઓનલાઈન ટિકિટો સહિત નાગરીકોને મુસાફરી માટે અપાતી સુવિધાઓમાં ઉત્તરોતર વધારો મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને વાહન વ્યવહાર પ્રધાન હર્ષ સંઘવીના નેતૃત્વમાં થઈ રહ્યો છે. જેના પરિણામે ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૪ કરોડથી વધુ મુસાફરોએ ઓનલાઈન ટિકિટો બૂક કરીને એસ.ટી નિગમને કુલ રૂ. ૧,૦૩૬ કરોડથી વધુની આવક કરાવી છે તેમ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે. એસ.ટી નિગમ દ્વારા મુસાફરોની સુવિધાઓને ધ્યાને લઈને વર્ષ–૨૦૧૦થી ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમની શરૂઆત કરાવવામાં આવી હતી, ત્યારબાદ વર્ષ-૨૦૧૧થી માસ્ટર ફ્રેન્ચાઈઝીના કરાર થકી મુસાફરો Abhibus, પેટીએમ જેવી એપ્લિકેશન મારફતે પણ ઓનલાઈન એસ.ટી બસની ટિકિટ બુકિંગ કરાવી શકે છે. નિગમ દ્વારા દિવ્યાંગ મુસાફરો સરળતાથી બુકિંગ કરી શકે તે માટે દિવ્યાંગ બુકિંગનું વેબ- મોબાઈલ એપ્લિકેશનમાં અલગથી પણ ઓપ્શન આપવામાં આવ્યો છે.

ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમની શરૂઆત કર્યા પછી એસ.ટી નિગમે તબક્કાવાર મુસાફરોની સુવિધાઓ વધારો કર્યો છે, જેમાં વર્ષ-૨૦૧૫થી એન્ડ્રોઈડ અને iOS મોબાઈલ એપ્લિકેશન (GSRTC Official) લોન્ચ કરવામાં આવી હતી. મુસાફરો મોબાઈલ- વેબ એપ્લિકેશન www.gsrtc.in મારફતે બૂક કરાયેલી ટિકિટોનું રિશિડ્યુલ- કેન્સલેશન તેમજ PNR સ્ટેટ્સ વગેરે સરળતાથી જાણી શકે તે માટે તમામ વિકલ્પો આપવામાં આવ્યા છે, આ એપ્લિકેશન દ્વારા મુસાફરોને તેમની મુસાફરીની ટિકિટ ૬૦ દિવસ અગાઉ બૂક કરાવી શકશે અને જો મુસાફરીમાં જો કોઈ ફેરફાર થાય તે સમય ટિકિટની રિશિડ્યુલની સુવિધા વિનામૂલ્યે મુસાફરોને નિગમ દ્વારા આપવામાં આવે છે, જે સ્થળે નિગમનું બસ સ્ટેન્ડ કે બુકિંગ કાઉન્ટર ન હોય તેવા સ્થળે મુસાફરો બુકિંગનો લાભ લઈ શકે તે માટે નિગમ દ્વારા બુકિંગ એન્જસી આપવામાં આવી છે, જેમાં નિગમ ખાતે ૨૦૫ બુકિંગ એજન્ટ કાર્યરત છે.

### ભાજપનો સંકલ્પ પત્ર ૨૦૦ વર્ષનો છે : કેજરીવાલ

# ૧૦ વર્ષમાં આપ સરકારે કેટલા કામ કર્યા, જો અમે ગણાવવા લાગીએ તો કલાકો સુધી ગણી શકુ છું

## વડાપ્રધાને દિલ્હીના લોકોને ગાળો આપી છે : કેજરીવાલ

નવી દિલ્હી, તા. ૩

દિલ્હીમાં ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. રાજકીય પક્ષો જોરશોરથી પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અશોક વિહારમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા ૧૬૭૫ પરિવારોને 'સ્વાભિમાન ફ્લેટ્સ'ની ચાવી સોંપી હતી. આ ફ્લેટ્સ ઝૂંપડપટ્ટીની જગ્યાએ જ બનાવવામાં આવ્યા છે. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ આમ આદમી પાર્ટી પર ખુબ પ્રહાર કર્યા.

હવે વડાપ્રધાન મોદી અને ભાજપ પર દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે પલટવાર કર્યો છે. કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું કે, આજે વડાપ્રધાન મોદી દિલ્હી આવ્યા હતા. તેમણે લગભગ ૪૩ મિનિટનું ભાષણ આપ્યું, જેમાં તેમણે ૩૯ મિનિટ માત્ર દિલ્હીના લોકો અને તેમના દ્વારા ચૂંટાયેલી સરકારને ગાળો આપવાનું કામ કર્યું. તેમણે કહ્યં કે, દિલ્હીના લોકોએ બે સરકાર ચૂંટણી હતી. દિલ્હી હૉફ સ્ટેટ છે. કેન્દ્રમાં ભાજપની અને દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર. તેને ૧૦ વર્ષ થઈ ગયા છે.

આ ૧૦ વર્ષમાં આપ સરકારે કેટલા કામ કર્યા, જો અમે ગણાવવા લાગીએ તો કલાકો સુધી ગણી શકુ છું. પરંતુ જો બીજી સરકાર છે એટલે ભાજપની કેન્દ્ર સરકાર, તેમણે ૧૦ વર્ષમાં એક પણ એવું કામ ન કર્યું જે વડાપ્રધાન પોતાના ૪૩ મિનિટના ભાષણમાં ગણાવી શકે. કેજરીવાલે કહ્યું કે, જે કામ કરે છે તે ગાળો નથી આપતા. જો ભાજપે ૧૦ વર્ષમાં કામ કર્યા હોત તો દિલ્હીના લોકોને ગાળો ન આપી હોત. જ્યારે કોઈ વ્યક્તિ કામ કરે છે તો તેને ગાળો આપવાની જરૂર નથી હોતી, પરંતુ જ્યારે કામ નથી કરતા તો લોકોને ગાળો આપે છે. આજે વડાપ્રધાને દિલ્હીના લોકોને ગાળો આપી છે. વડાપ્રધાને ૨૦૨૦માં ભાજપનો સંકલ્પ પત્ર જાહેર કર્યો હતો. ત્યારે વડાપ્રધાને દિલ્હીના લોકોને અનેક વાયદા કર્યા હતા.

તેમણે કહ્યું હતું કે, ૨૦૨૨ સુધીમાં દિલ્હીમાં તમામ લોકોના પાકા મકાન આપી દેવાશે. પાંચ વર્ષમાં માત્ર ૪૭૦૦ મકાન બનાવ્યા છે. દિલ્હીમાં ૪ લાખ ઝૂંપડીઓ છે, ૧૫ લાખ લોકોને મકાન જોઈએ, પરંતુ ૪૭૦૦ મકાન તેમને પાંચ વર્ષમાં આવ્યા છે. મને લાગે છે કે આ સંકલ્પ પત્ર ૫ વર્ષનો નહીં પરંતુ ૨૦૦ વર્ષનો છે.

### અમેરિકામાં અદાણીના લાંચ કેસમાં મોટું અપડેટ

# અદાણી અને અન્ય લોકો સામે નોંધાયેલા તમામ કેસોની સાથે સુનાવણી કરવા નિર્ણય

નવી દિલ્હી, તા. ૩

અમેરિકામાં લાંચના આરોપોનો સામનો કરી રહેલા ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણીને લઈને કોર્ટ સક્રિય થઈ છે. અહેવાલ મુજબ અમેરિકન કોર્ટે અદાણી અને અન્ય લોકો સામે નોંધાયેલા તમામ કેસોની સાથે સુનાવણી કરવાનો નિર્ણય લીધો છે. ઉદ્યોગપતિ પર એનર્જી કોન્ટ્રાક્ટ મેળવવા માટે લાંચ આપવાનો આરોપ હતો. જોકે, ગ્રુપે આ વાતને નકારી કાઢી હતી.

તમામ કેસ ડિસ્ટ્રિક્ટ જજ નિકોલસ જી. ગેરોફિસને આપવામાં આવશે. જસ્ટિસ ગેરોફિસ અદાણી સામે ચાલી રહેલા ફોજદારી કેસોની પણ તપાસ કરી રહ્યા છે. હાલ કોર્ટ સ્ટાફને આ અંગે આદેશ જારી કરવામાં આવ્યો છે. અહેવાલો અનુસાર, ન્યૂયોર્ક કોર્ટે અદાણી અને અન્યો વિરુદ્ધ કેસ ક્લબ કરવાનો આદેશ જારી કર્યો છે. કોર્ટે કહ્યું છે કે, તમામ કેસની સુનાવણી સંયુક્ત ટ્રાયલમાં એકસાથે કરવામાં આવશે. હકીકતમાં, કોર્ટે શોધી કાઢ્યું કે, તમામ કેસોમાં આરોપો અને વ્યવહારો એકસમાન છે. જેના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ કેસોમાં US vs અદાણી અને અન્ય (અદાણી સામે ફોજદારી કેસ), સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન vs અદાણી અને અન્ય (અદાણી વિરુદ્ધ સિવિલ કેસ) તેમજ SEC vs કેબનેસ (અન્ય આરોપીઓ વિરુદ્ધ સિવિલ કેસ)નો સમાવેશ થાય છે. કોર્ટનું કહેવું છે કે આ નિર્ણય ન્યાયિક પ્રક્રિયામાં સુધારો કરવા અને કેસ શેડ્યુલિંગમાં સમસ્યાઓ ટાળવા માટે લેવામાં આવ્યો છે. અહેવાલ મુજબ, તમામ કેસ જિલ્લા ન્યાયાધીશ નિકોલસ જી. ગેરોફિસને સોંપવામાં આવશે. જસ્ટિસ ગેરોફિસ અદાણી સામે ચાલી રહેલા ફોજદારી કેસોની પણ તપાસ કરી રહ્યા છે. હાલ કોર્ટ સ્ટાફને આ અંગે આદેશ જારી કરવામાં આવ્યો છે. અદાણી અને અન્યો પર સૌર ઊર્જાનો કોન્ટ્રાક્ટ મેળવવા માટે રૂ. ૨,૨૯ કરોડની લાંચ આપવાનો આરોપ છે. અદાણી ગ્રુપે આ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા અને કહ્યું હતું કે, 'અમે કાયદાનું પાલન કરતી સંસ્થા છીએ.'

### ગડકરીએ પાંચ વર્ષમાં દિલ્હીને પ્રદૂષણ મુક્ત કરવાનું આપ્યું વચન

## પરિવહન નેટવર્કને વિકસિત કરવા અને આગામી દિવસોમાં પ્રદૂષણના સ્તરને ઘટાડવા ૧૨,૫૦૦ કરોડના રોકાણનું આયોજન

નવી દિલ્હી, તા.૩

કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ આગામી પાંચ વર્ષમાં દિલ્હીને પ્રદૂષણથી મુક્ત કરવાનું વચન આપ્યું છે. તેમણે રાષ્ટ્રીય રાજધાનીના પરિવહન નેટવર્કને વિકસિત કરવા અને આગામી દિવસોમાં પ્રદૂષણના સ્તરને ઘટાડવા માટે ૧૨,૫૦૦ કરોડ રૂપિયાના રોકાણનું આયોજન કર્યું છે. દિલ્હીમાં નવેમ્બરથી જ પ્રદૂષણનું સ્તર ખૂબ ઊંચું છે અને વાયુ ગુણવત્તા સૂચકાંક (AQI) ખૂબ ખરાબ શ્રેણીથી ઉપર છે. પ્રદૂષણને ઘટાડવા માટે અન્ય ઉપાયો સિવાય છેલ્લા બે મહિનામાં દિલ્હીમાં BS 3 પેટ્રોલ અને BS 4 ડીઝલ કારો પર બે વખત પ્રતિબંધ લગાવાયો.

દિલ્હીમાં એક વખત ફરી પ્રદૂષણનું સ્તર ખૂબ વધુ છે અને AQI ૩૫૦ પોઈન્ટની આસપાસ છે. એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશન (CAQM) પોતાના ગ્રેડેડ રિસ્પોન્સ ઍક્શન પ્લાન સ્ટેજ ૩ હેઠળ પ્રતિબંધોને પાછા લાવી શકે છે. તેનો અર્થ હશે BS 3 પેટ્રોલ અને BS 4 ડીઝલ કારો પર વાહનો પર ફરીથી પ્રતિબંધ લાગી જશે. દિલ્હીમાં પ્રદૂષણના સૌથી મોટા કારણો પૈકીનું એક વાહનોથી નીકળનાર ઉત્સર્જન માનવામાં આવે છે.

કેન્દ્રીય માર્ગ પરિહવન અને ધોરીમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ દિલ્હીના પરિવહન નેટવર્કને શ્રેષ્ઠ બનાવવા અને શહેરમાં પ્રદૂષણ તથા ભીડને ઘટાડવા માટે ૧૨૫૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરી. તેમણે રાષ્ટ્રીય રાજધાની માટે ૧૨૦૦ કરોડ રૂપિયાના વધુ સીઆરઆઈએફ ફંડની જાહેરાત કરી. ગડકરીએ જણાવ્યું કે દિલ્હીમાં પ્રદૂષણ ઘટાડવા માટે માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય (MoRTH) કયા-કયા પ્રોજેક્ટ શરુ કરશે. તેમણે કહ્યું, દિલ્હી વાયુ પ્રદૂષણ અને ટ્રાફિક જામથી ખૂબ પરેશાન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં માર્ગ નિર્માણ મંત્રાલયે દિલ્હીને પ્રદૂષણથી મુક્ત કરવા અને ભીડને ઘટાડવા માટે ઘણા પ્રોજેક્ટ શરુ કર્યા છે અને તેને લાગુ કર્યા છે. નવી માર્ગ પરિયોજનાઓથી દિલ્હીમાં પ્રવેશ કરનાર વાહનોના દબાણને ઘટાડવામાં મદદ મળશે.

ગડકરીએ દિલ્હીમાં પ્રદૂષણ ઘટાડવા માટે સ્વચ્છ ઈંધણ પર પણ જોર આપ્યું. તેમણે કહ્યું, અમારી સરકાર ઈલેક્ટ્રિક બસ, કાર અને સ્કૂટર લઈને આવી કેમ કે દિલ્હીનું ૪૦ ટકા પ્રદૂષણ અશ્મિભૂત બળતણથી થાય છે. અમે સીએનજી પણ લઈને આવ્યા અને અમે ૫ વર્ષમાં દિલ્હીને પ્રદૂષણથી મુક્ત કરી દઈશું.

કેન્દ્રએ આઈજીઆઈ ઍરપૉર્ટની આસપાસ શહેરમાં ટ્રાફિકનો બોજ ઘટાડવા માટે દ્વારકા એક્સપ્રેસવેનું નિર્માણ પહેલેથી જ કરી દેવાયું છે. શહેરી વિસ્તાર માર્ગ (યુઈઆર) પ્રોજેક્ટ હેઠળ, ગડકરીનું મંત્રાલય કુંડલી માનેસર પલવલ એક્સપ્રેસવે કે વેસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસવે દ્વારા દિલ્હી-કટરા એક્સપ્રેસવેની સાથે કનેક્ટિવિટી આપનાર તબક્કા ૨ને પણ અંતિમ રૂપ આપી રહ્યું છે.

આ રોડ નેટવર્કનો હેતુ જમ્મુ-કાશ્મીર અને પંજાબથી વાહનોને સીધા ઍરપૉર્ટ અને દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે સુધી પહોંચવામાં મદદ કરવાનો છે. નવા રોડનું નેટવર્ક દિલ્હી-દહેરાદૂન એક્સપ્રેસવેને પણ સીધી કનેક્ટિવિટી આપશે. જેનાથી રાષ્ટ્રીય રાજધાનીમાં ભીડ ઘટાડવામાં મદદ મળશે.

ગડકરીએ એ પણ કહ્યું કે મહિપાલપુર અને રંગપુરી વિસ્તારમાં દરરોજ થનાર ટ્રાફિક જામને ખતમ કરવા માટે ૫ કિલોમીટર લાંબી સુરંગ બનાવવાનું આયોજન છે. આ સુરંગનું નિર્માણ ૩,૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચથી કરવામાં આવશે અને આ સુરંગ વસંત કુંજમાં શિવ મૂર્તિ અને નેલ્સન મંડેલા માર્ગને જોડશે.

અમરેલીની પ્રખ્યાત ગોળ હોસ્પિટલ માં ફુલ ટાઈમ જનરલ સર્જન મળશે
ઓપીડી સમય : સવારે ૧૦:૦૦ થી ૨:૦૦ અને સાંજે ૫:૦૦ થી ૮:૦૦
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
❖ પેટના રોગો અને તેમના ઓપરેશન
❖ એપેન્ડીક્ષ, સારણગાંઠ, વધરાવળ મસા તથા ભગંદરના ઓપરેશન
❖ પિતાશયની પથરીના ઓપરેશન.
❖ સ્તનની ગાંઠ, રસોળી, ચરબીની ગાંઠના ઓપરેશનના નિષ્ણાંત.
ડો. અક્ષય પારખીયા
M.S.(જનરલ સર્જન)
અનુભવ: ૩ વર્ષ સિવિલ હોસ્પિટલ અમદાવાદ
૧ વર્ષ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
વધુ માહિતી માટે સંપર્ક કરો 99789 66629
આયુષ્માન કાર્ડ અંતર્ગત ઓપરેશન તદ્દન મફત ઓપરેશન સુવિધા ઉપલબ્ધ


## સમાજનાં નામે ધારાસભ્ય, સાંસદ, મંત્રી, ચેરમેન બન્યા ને રોડપતિમાંથી કરોડપતિ બની ગયા બાદ

# પાટીદાર યુવતી પરેશાન હતી અને દિગ્ગજો મોં માં મગ ભરીને બેઠા રહ્યા

### સત્તાધારી પક્ષનાં અને પાટીદાર સમાજનાં ઠેકેદાર બનીને ફરનારાઓ એક નિર્દોષ યુવતીને પરેશાન થતી અટકાવી ન શકયા

### સાંસદ રૂપાલા, પૂર્વ સાંસદ કાછડીયા, ધારાસભ્ય કાકડીયા, તળાવીયા કે અન્યને સાપ સુંઘી ગયો

### પાટીદાર સમાજનાં નામે રોડપતિમાંથી કરોડપતિ થયેલ આગેવાનોની ફજેતી થઈ

### સરદાર પટેલનાં નામે મત માંગીને મોટા થયા પણ સરદાર પટેલ જેવી હિંમત તો કયાંય જોવા જ ન મળી

અમરેલી, તા. ૩

અમરેલીનાં બહુચર્ચિત લેટરકાંડમાં રાજકીય ઈશારે નિર્દોષ યુવતીને આરોપી બનાવી તેમનું સરઘસ પોલીસે કાઢયાને ૪ થી ૫ દિવસ સુધી પાટીદાર સમાજનાં બની બેઠેલ આગેવાનો લાજ કાઢીને બેસી રહ્યા અને ભલું થજો મીડિયાનાં પ્રતિનિધિઓનું કે જેઓએ આ મામલે હલ્લાબોલ કરતાં વિપક્ષી નેતાઓ અને સમાજનાં સાચા આગેવાનો મેદાનમાં આવ્યા અને યુવતીને આરોપીમાંથી સાક્ષી બનાવવાની ફરજ સરકારને થઈ પડી.

અમરેલી જિલ્લાનાં પાટીદાર સમાજનાં નેતા બનીને ધારાસભ્ય, સાંસદ, મંત્રી કે ચેરમેન સુધીનું પદ મેળવીને રોડપતિમાંથી કરોડપતિ બની ગયેલ રાજકીય આગેવાનોનાં ઘરમાં વગર મહેનતથી ભ્રષ્ટાચારથી આવેલ કરોડો રૂપિયાનું કાળુ ધન ઘરની તિજોરીમાં સંગ્રહ કરીને બેઠા હોવાથી તેઓ જે સમાજનાં નામે આગળ વધ્યા, સરદાર પટેલનું નામ વટાવ્યું તેને ભૂલીને પાટીદાર યુવતી માટે એક–એક મિનિટ કપરી જતી હતી. ગરીબ પરિવારની ઊંઘ અને ભૂખ હરામ થઈ ગઈ, યુવતીનું ભાવિ જોખમમાં મુકાઈ ગયું છતાં સત્તાધારી પક્ષનાં એક પણ પાટીદાર આગેવાન પોલીસ વિભાગનો કાન આમળી ન શકયો અને જે વ્યકિતઓએ ભેગા મળીને રાયનો પર્વત કર્યો તેની વિરૂધ્ધ એકપણ શબ્દ બોલવાની હિંમત દર્શાવી નહી.

અમરેલી જિલ્લાનાં કહેવાતા દિગ્ગજ નેતા પરશોતમ રૂપાલા, નારણ કાછડીયા, જે.વી. કાકડીયા, જનક તળાવીયા તેમજ ઉદ્યોગપતિ ભામાશા અને રાજયસભાનાં સાંસદ ગોવિંદભાઈ ધોળકીયા, સવજીભાઈ ધોળકીયા, વસંત ગજેરા સહિતનાં આગેવાનો યુવતી જામીન પર મુકત થઈ ત્યાં સુધી મોં માં મગ ભરીને બેસી રહ્યા. એકમાત્ર દિલીપ સંઘાણી અંતિમ દિવસોમાં યુવતીને જેલમાં મળવા પહોંચ્યા.

અમરેલી જિલ્લામાં કોઈને સરપંચથી લઈને સાંસદ સુધીનું પદ પાટીદાર સમાજનાં હોવાથી મળે છે અને બાકીની તમામ લાયકાત ગૌણ બની જાય છે. છતાં જે સમાજનાં નામે મોટા થયા તે સત્તાધારી પક્ષનાં આગેવાન તેમના સમાજની દીકરીની મદદ ન કરી શકયા તો અન્ય સમાજને શું મદદરૂપ બનશે તેવો વેધક સવાલ ઉભો થયો છે.

### અનેક નેતાઓ લાજ કાઢીને બેઠા હતા તેવા સમયે

## ભાજપનાં નેતા દિલીપ સંઘાણીએ જેલમાં પાયલની મુલાકાત લીધી

### સવારનાં સમયે રૂબરૂ જઈને હિંમત અને હુંફ આપી

અમરેલી, તા. ૩

અમરેલી જેલમાં રહેલ પાયલ નામની યુવતિને આજે હિંમત અને હુંફ આપવા ભાજપનાં દિગ્ગજ નેતા જિલ્લા જેલ ખાતે દોડી ગયા હતા.

અમરેલી જિલ્લામાં ભાજપનાં ચક્રવ્યુહમાં ફસાયેલ નિર્દોષ યુવતિ છેલ્લા પાંચેક દિવસથી જેલમાં એક એક મિનિટ નિસાસા સાથે પસાર કરી હતી અને તેમનો વાંક શું હતો કે તેમની વિરૂધ્ધ ભાજપનાં એક આગેવાને ફરિયાદ નોંધાવી. પાયલનો પરિવાર પણ ચિંતિત હતો તેવા સમયે ભાજપનાં જ એક કદાવર નેતા દિલીપ સંઘાણી અને અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલીયાએ જેલમાં જઈને પાયલને હિંમત




અને હુંફ આપી હતી અને માનવતાનું ઉદાહરણ પુરૂ પાડયું હતું. જો કે પાયલનો ગણતરીની કલાકો બાદ જામીન પર મુકત થતાં તે જેલની બહાર ખુલ્લી હવામાં આવી ગઈ હતી.

### જિલ્લા બેન્કનાં બોર્ડ ઓફ ડાયરેકટરનો નિર્ણય

## નિર્દોષ યુવતી પાયલને જિલ્લા બેન્કમાં નોકરી આપવામાં આવશે

### ભાજપનાં વ્યૂહમાં ફસાયેલ યુવતીને ભાજપનાં નેતાં દિલીપ સંઘાણી આત્મનિર્ભર બનાવશે




અમરેલી, તા. ૩

અમરેલી ભાજપનાં ચાલતી જુથ બંધીનો શિકાર બનેલ મધ્યવર્ગીય પરિવારની નિર્દોષ યુવતી ''પાયલને'' ભાનપનાં નેતા દિલીપ સંઘાણી જે બેન્કનાં ચેરમેન છે તે જિલ્લા મધ્યસ્થ બેન્કમાં નોકરી આપીને આત્મનિર્ભર બનાવવાનાં નિર્ણય ચેરમેનની દરખાસ્તને બોર્ડ ઓફ ડાયરેકટરની મંજુરીથી થયો છે.

### ગોપાલ ઈટાલીયા, રાજુભાઈ કરપડા, રાજુભાઈ આહીર, નિકુંજભાઈ સાવલીયા સહિતનાં આગેવાનોએ આવેદનપત્ર પાઠવ્યુ

# અમરેલીમાં પાટીદાર યુવતીને ખોટી રીતે પરેશાન કરનાર વિરૂધ્ધ એફઆઈઆર નોંધવાની માંગ કરવામાં આવી

### પોલીસ અધિક્ષક સંજય ખરાટને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું



અમરેલી, તા. ૩

અમરેલીમાં આજે તમામ સમાજ વતી તેજાબી વકતા ગોપાલ ઈટાલીયા, રાજુભાઈ કરપડા, રાજુભાઈ આહીર, નિકુંજભાઈ સાવલીયાની આગેવાનીમાં જનતાએ પોલીસ અધિક્ષક સંજય ખરાટને આવેદન પત્ર પાઠવેલ.

પત્રમાં જણાવેલ છે કે અમરેલી પાટીદાર સમાજની દીકરી પાયલબેન અશ્વિનભાઈ ગોટીને રાત્રે બાર વાગ્યે આંતકવાદી હોય તેવી રીતે ઉપાડી જઈ રિકન્ટ્રકસન બહાના હેઠળ આ દીકરીને ઘરેથી અમરેલીની બજારમાં ખુલ્લા મોઢે સરઘસ કાઢવામાં આવેલ છે આ સરઘર કાઢનારા અમરેલીના જવાબદાર અધિકારી વગેરેને સસ્પેન્ડ કરવામાં આવે તથા એમની સામે એફઆઈઆર નોંધવામાં આવે છે.

વધુમાં જણાવેલ છે કે ગુજરાત રાજયના પાટીદાર સમાજની દીકરી માત્ર ટાઈપિસ્ટ તરીકેનું કામ કરતા હોય તેમને ખોટી રીતે આરોપી બનાવી. અમરેલીનાં પોલીસ અધિકારીઓ દ્વારા પાયલબેનને રાતે ૧૨ વાગે એમના ઘરેથી ઉઠાવી જઈ દીકરીને અમરેલીની બજારમાં ખુલ્લા મોઢે સરઘસ કાઢેલ છે. આમ અમરેલીનું પોલીસ તંત્ર કોઈ જનતાનું નથી. રાજકીય હાથ બનેલ છે જેથી અમરેલી જિલ્લાના પોલીસ તંત્ર તથા જવાબદાર અધિકારી સામે ફરજમાં બેદરકારીની એફઆઈઆર દાખલ કરવામાં આવે તેવી અઢારે વરણનાં લોકોની માગણી છે. જો દિન બે માં આ કાર્યવાહી કરવામાં નહી તો ગુજરાતભરનો તમામ સમાજ તેમજ અઢારે વરણના લોકો રોડ ઉપર ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેની તમામ જવાબદારી સરકારની રહેશે. તેમ અંતમાં જણાવેલ છે.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
69,200/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૩/૦૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬






ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨








*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)